**આજનો સુવિચાર**

મુસીબતો વચ્ચે પણ હસતાં રહીશું, તો ચોક્કસ ઈશ્વરને ગમતા રહીશું!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૨૬ જૂનાગઢ તા.૦૬-૦૯-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 226, Junagadh : Date : 06 September, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## રાજ્ય સરકારનાં ૬૦ હજાર કર્મચારીઓ ૧૭ સપ્ટેમ્બરથી આંદોલન કરશે

ગાંધીનગર તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે ગુજરાતમાં સરકારી કર્મચારીઓના આંદોલનના મંડાણ થવા જઈ રહ્યા છે. રાજ્ય કર્મચારી મહામંડળે એલાન કર્યું છે કે ૧૭ સપ્ટેમ્બરે પેન ડાઉન અને શટ ડાઉન કાર્યક્રમ દ્વારા કામગીરીનો બહિષ્કાર કરાશે. વાત અહીંથી જ નહીં અટકે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘે પણ ઓક્ટોબર મહિનાના ચારેય રવિવારે રાજ્યના દરેક ઝોનમાં સરકારી કર્મચારીઓ વિરોધ નોંધાવશે તેવી જાહેરાત કરી છે. કર્મચારીઓની માગ છે જૂની પેન્શન સ્કીમ. ૨૪ હજાર શિક્ષકો અને બીજા કર્મચારીઓ મળી કુલ ૬૦ હજારથી વધુ સરકારી કર્મચારીઓ જૂની પેન્શન સ્કીમની માગ કરી રહ્યા છે. ૨૦૨૨માં સરકારે તેમને જૂની પેન્શન સ્કીમમાં સમાવેશ કરવાની ખાતરી આપી હતી અને પ્રેસ નોટ પણ જાહેર કરી હતી. ૨ વર્ષનો સમય વીતી જવા છતાં તેનો અમલ નથી થયો.

## કંડલામાં બુલડોઝર ફર્યુ : રૂા.૪૦૦ કરોડની કિંમતની જમીન ખુલ્લી કરાવાઈ

કંડલા તા. ૬

દેશ-વિદેશમાં જાણીતા કંડલા પોર્ટ આસપાસ દીનદયાળ પોર્ટ ઓથોરિટી દ્વારા દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. કંડલામાં ૫૦ વર્ષથી ઊભા થયેલા ગેરકાયદેસર દબાણો પર આખરે પોર્ટ તંત્રએ ગઈકાલે બુલડોઝર ફેરવી દીધું હતું. પોલીસ અને CISFના સહયોગથી કચ્છના સૌથી મોટા ડિમોલિશનની કાર્યવાહીથી એક જ દિવસમાં ૬૦૦ જેટલાં કાચાં-પાકાં દબાણો તોડી પડાયાં હતાં. આમ ઈરડાએ અંદાજે રૂા.૪૦૦ કરોડની ૧૫૦ એકર જમીનને દબાણમુક્ત કરાઈ હતી. આ ડિમોલિશનના પગલે ઝૂંપડપટ્ટીમાં રહેતાં અંદાજે સાડા પાંચેક હજાર લોકોને રાતોરાત ઉચાળા ભરવાનો વારો આવ્યો છે. કંડલા સ્થિત ક્રિકમાં સતત વધતાં જતાં ઝૂંપડાઓ અને દબાણનો એક મોટો પ્રશ્ન દશકાઓથી બનેલો હતો. વારંવાર તેમને અહીંથી હટી જવા માટે જાણ કરાઈ હતી, પરંતુ કોઈ કાર્યવાહી થઈ નહોતી, ત્યારે વર્ષોથી આ પ્રશ્ન અટકેલો હતો. ત્યારે નવા કંડલાના બન્ના વિસ્તાર ઉપરાંત જૂના કંડલાના ઈફકો ઝૂંપડા તરીકે ઓળખાતા વિસ્તારમાં આજે દબાણ હટાવવાની કામગીરી કરાઈ હતી.

## ચાની ચુસ્કી મોંઘી બનશે મોટી કંપનીઓ ભાવ વધારવા સજ્જ

નવી દિલ્હી, તા.૬:

ભારતના લોકોની સવાર ચા વગર પડે જ નહી. દેશના મોટાભાગના લોકો ચા પીવાનું પસંદ કરે છે. દેશમાં ચા વેચતી બે મોટી કંપનીઓ એટલે કે હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ અને ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડ ટૂંક સમયમાં જ ચાના ભાવમાં વધારો કરવા જઈ રહી છે. એક અહેવાલ મુજબ, ચાનો ઘટતો સ્ટોક અને વધતી કિંમત તેની કિંમતો પર અસર કરી શકે છે અને ટૂંક સમયમાં મોટી કંપનીઓ તેની કિંમતોમાં વધારો કરી શકે છે. તેની સીધી અસર સુપરમાર્કેટમાં ઉપલબ્ધ ચાના ભાવ પર પડશે અને ગ્રાહકોને ચાની ચુસકી માટે વધુ પૈસા ખર્ચવા પડશે.

# પાકિસ્તાનની ડાગળી ચસ્કી : જૂનાગઢ પર ભારતનો અવૈધ કબ્જો હોવાનું જણાવ્યું



## પાક. વિદેશ મંત્રાલયનાં પ્રવકતા મુમતાઝ બ્લોચે પ્રેસ બ્રિફીંગમાં જૂનાગઢને પાકિસ્તાનનો હિસ્સો ગણાવી ઉંબાડિયું કર્યુ

નવી દિલ્હી તા. ૬

વિશ્વભરમાં આતંકવાદને પ્રોત્સાહન આપવા જાણીતું પાકિસ્તાને જૂનાગઢને લઈને હાસ્યાસ્પદ વાત કહી છે, પાકિસ્તાને જૂનાગઢને પોતાનો ભાગ ગણાવ્યો છે, એટલું જ નહીં ભારતે તેના પર ગેરકાયદે કબજો કર્યો છે તેવા વાહિયાત નિવેદનો પણ આપ્યા છે. જિયો ટીવી મુજબ પાકિસ્તાનના વિદેશ મંત્રાલયની પ્રવક્તા મુમતાઝ બ્લોચએ જૂનાગઢને લઈને એક નિવેદન આપ્યું છે.

મુમતાઝ બ્લોચે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, જૂનાગઢને લઈને પાકિસ્તાનનું નીતિગત નિવેદન હંમેશા સ્પષ્ટ રહ્યું છે. મુમતાઝે કહ્યું કે- જૂનાગઢ પાકિસ્તાનમાં ભળી ગયું હતું. પાકિસ્તાન આ મામલે ઐતિહાસિક અને કાયદાના પરિપ્રેક્ષ્યમાં જુએ છે. જૂનાગઢ પાકિસ્તાનનો ભાગ હતો અને ભારતનો તેના પર ગેરકાયદે કબજો સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર અને આંતરરાષ્ટ્રીય માનદંડોનું ઉલ્લંઘન છે. મુમતાઝે વધુમાં કહ્યું કે, પાકિસ્તાન હંમેશાથી રાજનીતિક અને કૂટનીતિક મંચો પર જૂનાગઢના મુદ્દાને ઉઠાવતું રહ્યું છે. તેઓ આ મુદ્દે શાંતિપૂર્ણ સમાધાન ઈચ્છે છે. તેમણે વધુમાં કહ્યું, પાકિસ્તાન જૂનાગઢના મુદ્દાને પણ જમ્મુ કાશ્મીરની જેમ જ અધૂરો એજન્ડા માને છે.

## કોલકત્તા રેપ એન્ડ મર્ડર કેસમાં ઈડીની એન્ટ્રી : સંદિપ ઘોષનાં ઠેકાણાઓ ઉપર દરોડા

નવી દિલ્હી તા. ૬ :

ઈડીએ પશ્ચિમ બંગાળની આરજી કાર મેડિકલ કોલેજના પૂર્વ પ્રિન્સીપાલ વિરૂદ્ધ મોટી કાર્યવાહી કરી છે. કોલકાતા બળાત્કાર-હત્યા કેસ સાથે સંબંધિત આરજી કાર હોસ્પીટલ કેસમાં ઈડી અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી રહી છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ઈડીની ટીમો ઓછામાં ઓછા ૩ સ્થળોએ દરોડા પાડી રહી છે. ઈડીની ટીમ હાવડા, સોનારપુર અને હુગલી પહોંચી ગઈ છે. હુગલીની એક જગ્યામાં આરજી કાર હોસ્પીટલના પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષના નજીકના સંબંધીઓનું ઘર પણ સામેલ છે. સીબીઆઈ કોલકાતાની આરજી કાર હોસ્પીટલમાં એક ડોક્ટર સામે નિર્દયતાના કેસની તપાસ કરી રહી છે. તપાસ હેઠળ આવેલા પૂર્વ આચાર્ય સંદીપ ઘોષ સીબીઆઈની કસ્ટડીમાં છે. સીબીઆઈએ કોર્ટમાં ૧૦ દિવસની કસ્ટડીની માંગણી કરી હતી પરંતુ કોર્ટે ૮ દિવસની કસ્ટડી મંજૂર કરી હતી. સીબીઆઈ બાદ હવે ઈડીએ પણ આ કેસ દાખલ કર્યો છે. ઈડીએ આ કાર્યવાહી પીએમએલએ કેસ હેઠળ કરી છે.

## મણીપુર હિંસા બાબતે મોહન ભાગવતે પ્રથમ વખત નિવેદન આપ્યું : સ્થિતિ પડકારજનક ગણાવી



પુણે તા. ૬

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે આજે જણાવ્યું હતું કે, મણિપુરમાં સ્થિતિ હજુ પણ મુશ્કેલ છે. સ્થાનિક લોકો તેમની સુરક્ષાને લઈને ચિંતિત છે. જે લોકો ત્યાં વેપાર કે સામાજિક સેવા માટે જાય છે તેમના માટે વાતાવરણ વધુ પડકારજનક છે.

તેમણે કહ્યું- આ બધું હોવા છતાં, સંઘ કાર્યકર્તાઓ બંને જૂથો (કુકી અને મૈતેઈ) ને મદદ કરવા અને વાતાવરણને સામાન્ય બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. કામદારો ન તો ત્યાંથી ભાગ્યા કે ન તો નિષ્ક્રિય બેસી રહ્યા. તેઓ જીવનને સામાન્ય બનાવવા, ગુસ્સો ઘટાડવા અને રાષ્ટ્રીય એકતાની લાગણી વધારવા માટે કાર્ય કરી રહ્યા છે. ભાગવતે કહ્યું- NGO મણિપુરમાં બધું સંભાળી શકે નહીં. યુનિયન પરિસ્થિતિને સુધારવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યું છે. સંઘ તમામ પક્ષો સાથે વાત કરી રહ્યું છે. સ્વયંસેવકોએ લોકોનો વિશ્વાસ મેળવ્યો છે. સ્થાનિક લોકો વર્ષોથી સંઘનું કામ જોતા આવ્યા છે, તેથી તેમને તેમાં વિશ્વાસ છે.

## વીમા દાવાની ઝડપી પતાવટ માટે ઈરડાએ સમય મર્યાદા ઘટાડી

મુંબઈ.તા.૬

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ગ્રાહકો માટે સેવા વધારવાના ઉદ્દેશ્યથી વીમા કંપનીઓ દ્વારા કરવામાં આવતી વિવિધ સર્વીસીસ માટે સમયમર્યાદા કડક બનાવી છે. જીવન વીમામાં તપાસની જરૂર ન હોય તેવાં મૃત્યુના દાવાઓ ૧૫ દિવસમાં પતાવટ કરવા કહ્યું હતુ જેમાં પહેલાં ૩૦ દિવસ લાગતાં હતાં. મૃત્યુનાં દાવાઓ માટે જેમાં તપાસની જરૂર છે તેનો સમયગાળો હવે ૪૫ દિવસનો કર્યો છે જે પહેલાં ૯૦ દિવસનો હતો. ઈરડાએ પોલિસીધારકોના હિતોની સુરક્ષા અંગેના તેનાં મુખ્ય પરિપત્રમાં, જણાવ્યું હતું કે પાકતી મુદતના દાવાઓ, સર્વાઈવલ લાભો અને વાર્ષિકી ચુકવણીઓની નિયત તારીખે પતાવટ કરવી જોઈએ, અને પોલિસી સરેન્ડર અને આંશિક ઉપાડની પ્રક્રિયા સાત દિવસની અંદર થવી જોઈએ.

આઈઆરડીએઆઈએ કહ્યું હતું કે વીમા કંપનીઓએ પણ પ્રીમિયમની બાકી નોટિસો અને પોલિસીની ચૂકવણી વિશેની માહિતી, જેમ કે પાકતી મુદત , સર્વાઈવલ લાભો, નિયત તારીખના ઓછામાં ઓછાં એક મહિના પહેલાં મોકલી આપવા જોઈએ.વધુમાં કહ્યું હતું કે જો કંપનીઓ સમયમર્યાદા પૂરી કરવામાં નિષ્ફળ જાય તો ગ્રાહકો વીમા કંપનીઓને નિર્દેશિત કરવાની સત્તા ધરાવતાં લોકપાલનો સંપર્ક કરી શકે છે. નવી દરખાસ્તો માટે, વીમા કંપનીઓએ તેમની પર પ્રક્રિયા કરવી જોઈએ અને સાત દિવસની અંદર કોઈપણ વધારાની માહિતી મેળવવા માટે કહેવું જોઈએ. પોલિસીની એક નકલ, પ્રસ્તાવના ફોર્મ સાથે, પોલિસીધારકને ૧૫ દિવસની અંદર પ્રદાન કરવી જોઈએ.સ્વાસ્થ્ય વીમાના કિસ્સામાં આઈઆરડીએઆઈએ કહ્યું હતું કે કેશલેસ દાવાઓ ત્રણ કલાકની અંદર અને નોન-કેશલેસ દાવાઓ ૧૫ દિવસમાં પતાવવા જોઈએ.

## રાજકોટનાં રસ્તાઓ સમગ્ર રાજયમાં સૌથી વધુ જીવલેણ : ટ્રાફીક વ્યવસ્થાનો અભાવ


રાજકોટ તા.૬:

રાજકોટને રંગીલુ અને સ્માર્ટ સીટી કહેવાય છે પણ આ બિરૂદને કલંક લાગે તેવો એક રિપોર્ટ આજે આવ્યો છે. પોલીસ - મ્યુ.કોર્પો.ની બેદરકારી અને ભ્રષ્ટ્રાચારને કારણે રાજકોટમાં ટ્રાફિક વ્યવસ્થા સદંતર ખાડે ગઈ છે. સાંકડા રસ્તાઓને કારણે રોજેરોજ અકસ્માતો થાય છે એટલુ જ નહિ ભંગાર - ખાડા ટેકરાવાળા રસ્તાઓ વાહન ચાલકોની માત્ર કેડ જ ભાંગી નથી નાખતા કયારે જીવલેણ પણ બને છે. શાસકો - તંત્રની ઘોર બેદરકારીનો ભોગ પ્રજા બની રહી છે જેની ચાડી ખાતો એક રિપોર્ટ બહાર પડયો છે જેમાં જણાવાયું છે કે રાજકોટ ગુજરાતનું એક માત્ર શહેર છે જયાં રસ્તા સૌથી વધુ ખરાબ છે અને જેના કારણે જીવલેણ અકસ્માતો સૌથી વધુ થાય છે. દેશના મહાનગરો કરતા અકસ્માતમાં રાજકોટનો મૃત્યુદર ઉંચો છે. ટ્રાફિકના નિયમોનું પાલન થવામાં નિષ્ફળતા, સાંકડા રસ્તાઓ, સ્પીડ ઉપર કોઈ નિયંત્રણ નહિ, ભંગાર રસ્તાઓ કિંમતી માનવ જીંદગી છીનવી રહ્યા છે.

દર વર્ષે સરકાર નવા અને ચકચકિત રોડ બનાવવાના વાયદાઓ કરે છે. વાયદાઓ મુજબ પ્રજાના પૈસે નવા રોડ બનાવે પણ છે. પરંતુ ભ્રષ્ટાચારને કારણે મામૂલી વરસાદમાં તમામ રોડ સંપૂર્ણપણે ધોવાઈ જાય છે. ત્યારે ફરી એકવાર રાજ્યના રોડ પર પડેલા ખાડાઓએ સરકારની પોલ ખોલી દીધી છે. ખાડા પરથી પસાર થતી વખતે નાગરિકોના હાડકા ખોખરા થઈ જાય છે. વાહનોને પણ મોટા પાયે નુકસાન થાય છે. તેમ છતાં નિંભર તંત્રના પેટનું પાણી પણ હલતું નથી. ગુજરાત ભલે સ્માર્ટ કહેવાતું હોય પરંતુ ખરેખર તો ગુજરાતમાં વરસાદ બાદ ખાડા રાજ સ્થપાઈ ગયું છે

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગેમીંગ એક્ટીવીટીનાં સંદર્ભમાં જાહેર સલામતી માટે મહત્વના નિર્ણય કર્યા

## ગેમઝોને રીવાઈઝડ મંજુરીઓ લેવી પડશે : નવા નિયમો દાખલ




ગાંધીનગર,તા.૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આનંદપ્રમોદ અને ઉજાણી માટેના સ્થળ તરીકે ગેમીંગ એક્ટિવિટીના વધી રહેલા ચલણના સંદર્ભમાં એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યના વિવિધ શહેરોમાં સ્વતંત્ર ગેમીંગ એક્ટિવિટી એરિયા અને શોપીંગ મોલ તેમજ શોપીંગ કોમ્પ્લેક્ષ જેવા કોમર્શિયલ બાંધકામોમાં પણ ગેમીંગ એક્ટિવિટી એરિયા વિકસિત થઈ રહ્યાં છે.

મુખ્યમંત્રીએ આવા ગેમીંગ એક્ટિવિટી એરિયામાં એકત્રિત થતી વધુ પડતી ભીડના સંદર્ભમાં જાહેર સલામતી, જાહેર સુરક્ષા અને જાહેર હિત ધ્યાનમાં લઈને ગેમીંગ એક્ટિવિટી એરિયા માટેના પ્લાનીંગ રેગ્યુલેશનની મહત્વની જોગવાઈઓ CGDCRમાં કરવાના જનહિતલક્ષી નિર્ણય કર્યા છે. ગેમીંગ એક્ટિવિટી એરિયા અને કોમર્શિયલ બાંધકામમાં થતા ગેમીંગ એક્ટિવિટી એરિયા માટે અલગ અલગ પ્લાનીંગ રેગ્યુલેશનની જોગવાઈઓ કરવામાં આવી છે.

CGDCRમાં આ અંગેની જે જોગવાઈઓ કરી છે તેમાં ગેમીંગ એક્ટિવિટી એરિયાના બાંધકામ માટે રસ્તાની પહોળાઈ, મિનિમમ એરિયા, બાંધકામની ઊંચાઈ, પાર્કિંગ, સલામતીના ઉપાયો તથા લેવાની થતી વિવિધ પ્રકારની NOCની વિસ્તૃત જોગવાઈઓનો સમાવેશ થાય છે.

એટલું જ નહિ, સ્વતંત્ર ગેમીંગ એક્ટિવિટી માટેના પ્લોટમાં જાહેર સલામતીને ધ્યાને રાખીને અલગ અલગ એન્ટ્રી તથા એક્ઝિટ, ઈમરજન્સી એક્ઝિટ અને રેફ્યુજ એરીયાની જોગવાઈઓ પણ કરવામાં આવી છે. ગેમીંગ ઝોન એક્ટિવિટીના સ્થળે BU સર્ટિફિકેટ, ફાયર NOC તથા અન્ય તમામ લાયસન્સ, સર્ટિફિકેટ, NOC, પરમિટ વગેરે પ્રદર્શિત કરવાના રહેશે એવુ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

## ડ્રાઈવીંગ દરમ્યાન મોબાઈલ પર વાત એટલે મૃત્યુને આમંત્રણ : સીગ્નલ તોડવા કરતા ચાર ગણા વધુ મોત

નવી દિલ્હી, તા.૬

વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ લોકો માટે સૌથી વધુ જીવલેણ સાબિત થઈ રહ્યો છે. IIT દિલ્હીના ટ્રાન્સપોર્ટ રિસર્ચ એન્ડ ઈન્જરી પ્રિવેન્શન સેન્ટરના એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ડ્રાઈવિંગ કરતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ લાલ લાઈટો તોડવા કરતાં ચાર ગણા વધુ મૃત્યુનું કારણ બને છે. અભ્યાસ અનુસાર, ૨૦૨૨માં દેશમાં માર્ગ અકસ્માતમાં ૬૧,૦૩૮ મૃત્યુ થયા હતા, જ્યારે ૨૦૨૧માં ૫૬,૦૦૦ લોકોના મોત થયા હતા. આ અભ્યાસ રિપોર્ટ સેફટી ૨૦૨૪ કોન્ફરન્સમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ મુજબ, રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર સૌથી વધુ અકસ્માતો થયા છે, જ્યાં પ્રતિ ૧૦૦ કિમીના અંતરે ૪૫ મૃત્યુ થયા છે, જ્યારે રાજ્ય ધોરીમાર્ગો પર પ્રતિ ૧૦૦ કિમીના અંતરે ૨૩ મૃત્યુ થયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના નેશનલ સ્ટ્રેટેજી ડોકયુમેન્ટ મુજબ, માર્ગ અકસ્માતને કારણે થતા મૃત્યુ તમિલનાડુ, લદ્દાખ, તેલંગાણા, છત્તીસગઢ અને કર્ણાટકમાં સૌથી વધુ છે.

## ૨૦૩૬માં ભારતમાં વૃધ્ધોની સંખ્યા વધી જશે બાળકો, યુવાનોની વસ્તી નોંધપાત્ર રીતે ઘટી જશે

નવી દિલ્હી,તા.૬

આગામી દોઢ દાયકામાં દેશની વસ્તીનાં માળખામાં મોટો ફેરફાર જોવા મળી શકે છે. આંકડા મંત્રાલયનાં ‘મેન એન્ડ વીમેન’રિપોર્ટમાં આ ખુલાસો થયો છે. રિપોર્ટ મુજબ ૨૦૩૬ સુધીમાં બાળકો અને કિશોરોની વસ્તીમાં સૌથી મોટો ઘટાડો આવશે.જયારે વરિષ્ઠ અને મધ્યમ વયના લોકોની સંખ્યા વધશે. રિપોર્ટ અનુસાર ૨૦૨૧ માં વસ્તીમાં ૧૫ વર્ષથી ઓછી વયના લોકોની ભાગીદારી ૨૬.૨ ટકા હતી. પરંતુ ૨૦૨૬ માં તેમાં ૫.૬ ટકાનો ઘટાડો થઈ જશે અને તે ઘટીને ૨૦.૬ ટકા રહી જશે.કોઈ આયુ વર્ગમાં આ ત્યારથી સૌથી મોટો ઘટાડો હશે. આ પ્રકારે જો મધ્ય આયુ વર્ગને જોઈએ તો ૨૦૨૧ માં ૩૫-૩૬ આયુ વર્ગની વસ્તીમાં ભાગીદારી ૧૯.૧ ટકા છે. પરંતુ ૨૦૨૬ માં આ આયુ વર્ગનાં લોકોની ટકાવારી વધીને ૨૩ ટકા થઈ જશે.મતલબ મધ્ય આયુ વર્ગમાં ૩.૯ ટકાનો વધારો થશે. ત્રીજો મોટો ફેરફાર વરિષ્ઠોની વસ્તીને લઈને જોવા મળી શકે છે. હાલના સમયમાં ૬૦ વર્ષથી વધુ વયના લોકોની ટકાવારી ૯.૫ ટકા છે. જેમાં ૪.૪ ટકાના વધારાનું આકલન કરવામાં આવ્યુ છે. ૨૦૩૬ માં વરિષ્ઠોની વસ્તી વધીને ૧૩.૯ ટકા થઈ જશે.

**સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે**

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

**મોરો સોપારી કટીંગ**
**૧ કિલોના ફકત રૂા.૬૦૦**
આ રીટેઈલ માટે છે

નહી આવો તો જરૂર અફસોસ

જૂનાગઢ

**મો.૯૩૭૬૬૦ ૫૫૬૨**

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

જૂનાગઢમાં અત્યાધુનિક સુવિધાઓ સાથેની પ્રસુતિ, સ્ત્રી રોગ તથા વંધ્યત્વ નિવારણ માટેની હોસ્પીટલ

**કલરવ હોસ્પિટલ**
ફોર વુમન્સ હેલ્થ એન્ડ વેલબીઈંગ



● નોર્મલ, સીઝેરિયન તથા હાઈ રિસ્ક ડિલવરી (આઈસીયુ સાથે)
● વંધ્યત્વની સારવાર
● લેપ્રોસ્કોપી (દૂરબીન/લેસર)થી ઓપરેશન
● કોથળીનાં ઓપરેશન
● અત્યાધુનિક મશીન દ્વારા સોનોગ્રાફી
● તમામ સ્ત્રી રોગોની સારવાર ● રસીકરણ

ડો. કિશન પરસાણીયા M.B.B.S., D.G.O
ડો. રીતુ પરસાણીયા M.B.B.S., P.G.D.C.H

ચોથો માળ, ગોલ્ડન ટ્રેડ સેન્ટર, મહાપૂજા ઓફીસ સામે, ઝાંઝરડા ચોકડી પાસે, બાયપાસ રોડ, જૂનાગઢ

મો. ૭૨૦૩૦ ૯૯૦૦૧ / ૮૧૬૦૫ ૯૯૦૦૧

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# આજથી ગુજરાતના સૌથી મોટા 'તરણેતરના મેળા'નો પ્રારંભ : તરણેતરના મેળામાં રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ ઓલિમ્પિક અને પરંપરાગત સ્પર્ધાઓનું આયોજન






**ગુજરાતની લોક સંસ્કૃતિને ઉજાગર કરે છે તરણેતરનો મેળો, શ્રેષ્ઠ ઓલાદના પશુઓનો મેળો અહીં આકર્ષણનું કેન્દ્ર છે : તરણેતરના મેળામાં પહેલી વાર ગ્રામીણ પરંપરાગત સાંસ્કૃતિક સ્પર્ધાઓ યોજાશે**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૬

મેળાઓ ભારતીય સભ્યતા અને સંસ્કૃતિનું અભિન્ન અંગ છે, જે આપણી પરંપરાઓ, ખાણીપીણી, રહેણીકરણી અને વારસાનું પ્રતિનિધિત્વ કરે છે. ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના તરણેતર ગામમાં યોજાતો તરણેતરનો મેળો ગુજરાતની જીવંત સંસ્કૃતિ અને પરંપરાઓનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકામાં આવેલા તરણેતર ખાતે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ભગવાનશ્રી ત્રિનેત્રેશ્વર મહાદેવના સાનિધ્યમાં વિશ્વવિખ્યાત તરણેતરનો ભાતીગળ લોકમેળો ભાદરવા સુદ ત્રીજ થી પાંચમ સુધી એટલે કે તા. ૦૬ થી ૦૯ સપ્ટેમ્બર સુધી યોજાનાર છે. જેમાં ભાદરવા સુદ - પાંચમ (ઋષિ પાંચમ)ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા, રાજ્યકક્ષાના રમતગમત મંત્રી હર્ષભાઈ સંઘવી, રાજ્યકક્ષાના પશુપાલન મંત્રી પરષોત્તમભાઈ સોલંકી, પંચાયત મંત્રી બચુભાઈ ખાબડ, નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા સહિતના મહાનુભાવો ગુજરાત પ્રવાસન નિગમ લિ. ના તોરણ ટુરિસ્ટ વિલેજની મુલાકાત તથા શિવ પૂજન, ગ્રામીણ રમતોત્સવની મુલાકાત અને અભિવાદન સમારોહમાં ઉપસ્થિત રહેશે. ભાદરવા સુદ ચોથ (ગણેશ ચતુર્થી) તા. ૦૭ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પાળીયાદના પૂ. વિસામણ બાપુની જગ્યાના મહંતશ્રી ૧૦૦૮ મહા મંડલેશ્વર પ.પૂ. નિર્મળાબા ઉનડબાપુની ઉપસ્થિતિમાં ધ્વજારોહણ થશે. રાત્રે ૯.૦૦ કલાકે મેળાના સ્ટેજ ઉપર સુરેન્દ્રનગર માહિતી કચેરી આયોજીત લોકડાયરાનો કાર્યક્રમ યોજાશે. ભાદરવા સુદ પાંચમ (ઋષિ પંચમી) તા. ૦૮ સપ્ટેમ્બરના રોજ સવારે ૦૬.૩૦ કલાકે મહંતશ્રી દ્વારા મંદિરના કુંડમાં ગંગા અવતરણ આરતી કરવામાં આવશે. સવારે ૮.૩૦ કલાકે લખતર સ્ટેટ શ્રી ઝાલા યશપાલસિંહ દિવ્યરાજસિંહજીના વરદ હસ્તે ધ્વજારોહણ કરવામાં આવશે. ત્યારબાદ મેળાના મેદાનમાં રસ્સા ખેંચ અને કુસ્તી જેવી રમતોની હરીફાઈ યોજાશે. મંદિર પરિસરમાં પરંપરાગત રાસ તથા હુડાના કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું છે. મેળાના સ્ટેજ પર રાસ-ગરબા, દોહા, છત્રી હરીફાઈ, વેશભૂષા હરીફાઈ, પાવા હરીફાઈ યોજાશે. જેમાં વિજેતાઓને ઈનામ પણ એનાયત કરવામાં આવશે. તેમજ ગંગા આરતી કરવામાં આવશે. રાત્રે ૦૯:૩૦ કલાકે મેળાના સ્ટેજ પર ગુજરાત ટુરીઝમ નિગમ અને તરણેતર ગ્રામ પંચાયત દ્વારા ભવ્ય લોક ડાયરાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ભાદરવા સુદ છઠ્ઠ તા. ૦૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૦૭.૦૦ કલાકે ગંગા વિદાય આરતી યોજાશે. ત્યારબાદ બપોરે ૧૨.૦૦ કલાકે જિલ્લા વહીવટી તંત્ર તથા જિલ્લા પોલીસ દ્વારા ધ્વજારોહણ કાર્યક્રમ થયા બાદ મેળાની પૂર્ણાહુતિ કરવામાં આવશે.

**જાણો તરણેતરના મેળાનો ઇતિહાસ**

લોકવાયકા મુજબ, દ્રૌપદી સ્વયંવર સમયે તરણેતર સ્થિત ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં અર્જુને જલકુંડમાં માત્ર માછલીનું પ્રતિબિંબ જોઈને મત્સ્યવેધ કર્યો હતો અને દ્રૌપદી સાથે વિવાહ કર્યા હતા. તેથી આ ભૂમિને પાંચાળ ભૂમિ તરીકે ઓળખવામાં આવે છે. આ જલકુંડમાં સ્નાન કરવાનું ધાર્મિક મહત્વ પણ છે. એક માન્યતા અનુસાર, ભાદ્રપદ શુક્લ પક્ષની પંચમીએ અહીં ગંગા મૈયાનું અવતરણ થાય છે. પૌરાણિક કથા અનુસાર અહીં પ્રાચીનકાળથી તરણેતર મેળાનું આયોજન કરવામાં આવે છે.

**રંગબેરંગી, ભાતીગળ સંસ્કૃતિનો અદ્ભુત નજારો**

સૌરાષ્ટ્રની વિવિધ જ્ઞાતિઓ જેમ કે, ભરવાડ, આહિર, રબારી અને કાઠી ઉપરાંત સ્થાનિક લોકો તેમના પરંપરાગત પોશાકમાં તરણેતરના મેળામાં ભાગ લે છે. રંગબેરંગી ભરત ભરેલા ભાતીગળ પોશાક પહેરેલા યુવાનો ભાતભાતની ભરત ભરેલી છત્રીઓ લઈને મેળામાં ફરતા જોવા મળે છે. તો છોકરીઓ રંગબેરંગી ઘેરવાળી ચણિયાચોળીમાં જોવા મળે છે. ગરબા અને દાંડિયા રમતી યુવતીઓને જોઈને લોકો મંત્રમુગ્ધ થઈ જાય છે. આ મેળામાં યુવકોને આકર્ષક છત્રી નૃત્ય કરતા જોવા એ પણ અનેરો લ્હાવો છે.

**શ્રેષ્ઠ ઓલાદોના પશુઓનો મેળો પણ આકર્ષણનું કેન્દ્ર**

ગુજરાત સરકારના પશુપાલન વિભાગના માર્ગદર્શન હેઠળ સુરેન્દ્રનગર જિલ્લા પંચાયત દ્વારા તરણેતરમાં પશુ પ્રદર્શન અને હરીફાઈનું આયોજન કરવામાં આવે છે, જેમાં ગીર અને કાંકરેજ વર્ગની ગાય, જાફરાબાદી અને બન્ની જાતિની ભેંસ વગેરેનું પ્રદર્શન કરવામાં આવે છે અને સારી ઓલાદના પશુ માટે સ્પર્ધા યોજવામાં આવે છે. વિજેતા પશુને પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ પશુમેળાના આયોજનનો ઉદ્દેશ સારી ઓલાદના પશુઓના પાલનને પ્રોત્સાહન આપવાનો છે.

**ગ્રામીણ ઓલિમ્પિક્સ અને પરંપરાગત સ્પર્ધાઓનું આયોજન**

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં ખેલ પ્રતિભાઓને ઓળખીને તેને પ્રોત્સાહન આપવા માટે ઘણી યોજનાઓ કાર્યરત છે અને આ માટે વિવિધ કાર્યક્રમો પણ આયોજિત કરવામાં આવે છે. આમાં તરણેતરના મેળામાં યોજાતા ગ્રામીણ ઓલિમ્પિકનું પણ મહત્વ છે. તેના અંતર્ગત મેળામાં વિવિધ વયજૂથના શાળાના બાળકો માટે ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, ૮૦૦ મીટર દોડ, લાંબી કૂદ, દોરડા કૂદ અને લંગડી જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. દોડ ઉપરાંત, યુવાનો માટે ગોળા ફેંક, લાંબી કૂદ, ૪ટ૧૦૦ મીટર રિલે દોડ, નાળિયેર ફેંક, કુસ્તી, વોલીબોલ, કબડ્ડી, રસ્સાખેંચ, સ્ટ્રોંગેસ્ટ મૅન, સાતોડી (નારગોલ) અને ખાંડના લાડવા ખાવાની હરીફાઈનું આયોજન કરવામાં આવશે. આ તમામ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિજેતાઓને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

તરણેતરના મેળામાં પહેલી વાર ગ્રામીણ પરંપરાગત સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, લોક કલા અને કલાકારોને પ્રોત્સાહન આપવા માટે ૨૪ વિવિધ પરંપરાગત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે. જેમાં વેશભૂષા, છત્રીની સજાવટ, પરંપરાગત ભરતકામ, લોકગીત, લોકવાર્તા, ભજન, દુહા-છંદ, ડાક-ડમરૂ ગાયન, વાંસળી, ભવાઈ, શહેરી અને ગ્રામીણ રાસ, હુડો રાસ, લોકનૃત્ય, શહેનાઈ અને સોલો ડાન્સ જેવી શ્રેણીઓનો સમાવેશ થાય છે.

## ભેસાણના ખૂન કેસમાં એક આરોપી જમાલભાઈ બચુભાઈ સિપાઈને આજીવન કેદની સજા ફટકારતી વિસાવદર કોર્ટ



**સરકારી વકીલ વી.એન. માઢકની ધારદાર દલીલો**

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૬

ભેસાણ તાલુકાના નવા વાધણીયા ગામના ખૂન કેસમાં સરકારી વકીલ વી.એન.માઢકની ધારદાર દલીલો ધ્યાને લઈ વિસાવદરના એડી. સેસન્સ જજ જયેશકુમાર શ્રીમાળીએ મુખ્ય આરોપી જમાલભાઈ બચુભાઈ સિપાઈને આજીવન કેદની સજા ફટકારતા કોર્ટ પરિસરમાં સન્નાટો છવાઈ ગયેલ હતો. આ અંગેની વિગત એવા પ્રકારની છે કે, ભેસાણ તાલુકાના નવા વાધણીયા ગામના કાળુભાઈ જમાલભાઈ તથા આરોપીઓ જ્ઞાતીની મિટિંગમાં ભેગા થયેલા તેમાં ચાલીસમુ કરવા બાબતે મરણ જનાર કાળુભાઈ જમાલભાઈ વચ્ચે બોલાચાલી થતા આરોપી જમાલભાઈ બચુભાઈ સિપાઈએ આ કાળુભાઈ જમાલભાઈને કુંડળી વાળી લાકડી વડે માથાના ભાગે જીવલેણ ઘા કાળુભાઈ જમાલભાઈને મારતા તેનું મૃત્યું થયેલ જેમાં અન્ય ત્રણ આરોપી સામે પણ ફરિયાદ દાખલ કરવામાં આવેલ હતી. જેમાં તપાસના અંતે પોલીસે ચાર્જશીટ કરેલું તે કામમાં ફરિયાદી તથા તેના ભાઈ અને પંચો તથા ડોકટર સાહેદોને તપાસેલ અને કડીયાળી લાકડી (કુંડલી) વાળી લાકડી ઉપર મરણજનારનું લોહી આવેલ હોય તે ફોરેન્સિક લેબના પુરાવા તથા તપાસ કરનાર અધિકારીની જુબાની અને વિદ્વાન એડી. પી.પી. વી. એન. માઢકએ એવી દલીલ કરેલ કે ફરીયાદી અને નજરે જોનાર તેના ભાઈને તપાસેલ છે તેઓએ ફરિયાદ હકીકત મુજબની જુબાની આપેલ છે અને પંચો, નકશો બનનાર, ડોક્ટર અને પોલીસ સાહેદો એ પણ ફરિયાદ હકીકતને સમર્થન આપતી જુબાની આપેલ અને એફ.એસ.એલ. રિપોર્ટથી પણ કેસને સમર્થન મળેલ છે. જે દલીલને ધ્યાને લઈ વીસાવદર એડી. સેસન્સ કોર્ટે મુખ્ય આરોપી જમાલભાઈ બચુભાઈ સિપાઈને તક્ષીરવાન ઠરાવી આજીવન કેદની સજા ફટકારેલ છે.

## દ્વારકાના કુરંગાની સરકારી શાળા ખાતે ટીચર્સ ડેની ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાની શ્રી કુરંગા પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા તન્વીબેન અરવિંદભાઈ કાસુન્દ્રાએ શિક્ષણ ક્ષેત્રના ખુબ ટૂંકા સમયગાળામાં શિક્ષણ સંદર્ભેની ઉત્તમ કામગીરી કરી રહ્યા છે. ગાંધીનગરથી ૪૮૪ કિમી દુર આવેલા દ્વારકા તાલુકાના દરિયાકાંઠાના ગામ કુરંગામાં આધુનિક શાળા સાથે મુલ્યલક્ષી ઉત્તમ શિક્ષણ બાળકો મેળવી રહ્યા છે. જેની નોંધ રાજ્યકક્ષા સુધી લેવાઈ રહી છે. શાળામાં પ્રવેશતા જ આંખો સામે દ્વારકાધીશનું મોરપીંછ દ્રશ્યમાન થાય છે જેમાં શાળાનું સ્લોગન મુક્તિ અપાવે તે વિદ્યા. શાળામાં અભ્યાસ સાથે બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે ઉપર વધુ ભાર મુકાઈ રહ્યો છે. શાળાના બાળકો રમતગમત, ગાયન, વાદન, લેખન, વકતૃત્વ, ચિત્ર વગેરે ક્ષેત્રોમાં પણ પોતાનું શ્રેષ્ઠ પ્રદાન કરે તેવા પ્રયાસો થઈ રહ્યા છે. શાળાની સિદ્ધિઓ પણ અનેક છે. છેલ્લા વર્ષોમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી ચિત્ર પરીક્ષામાં ૧૨ બાળકો ઉત્તિર્ણ થયા હતા. વિજ્ઞાન મેળામાં જિલ્લા કક્ષા સુધી કૃતિ પસંદગી પામેલી હતી, જિલ્લા કક્ષાની તમામ ૧ થી ૧૨ ધોરણ સુધીની સરકારી- ખાનગી શાળાઓમાંથી પ્રથમ ક્રમાંકે શાળા સ્વચ્છતા પુરસ્કાર શાળાને પ્રાપ્ત થયો હતો, પુરસ્કારમાં મળેલી ધનરાશીમાંથી બાળકના વિકાસ હેતુ ડમ્બલ્સ - લેઝીમ બાળકો માટે છે. ગુજરાત રાજ્યના ધોરણ ૮ થી ૧૨ ના કુલ ૨૦ વિધાર્થીઓ ફીટ ઈન્ડીયા ક્વિઝ માં ઉત્તિર્ણ થયા જેમાં કુરંગા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની ધોરણ -૮ માંથી ઉત્તિર્ણ થયેલ હતી. આ સાથે જ ખેલમહાકુંભમાં વિવિધ વ્યક્તિગત એથલેટિક માં બાળકો સિદ્ધ મેળવી રહ્યા છે. સાથે જ ખેલ સાથે કલા મહાકુંભમાં પણ બાળકો પોતાની કલામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યા છે. શાળા સાથે જ શાળા આચાર્યા તન્વીબેન કાસુન્દ્રાએ પણ અનેક વ્યક્તિગત એવોર્ડ મેળવેલાં છે. તેમજ એક શિક્ષક હોવા સાથે તેઓ એક સારા લેખક, કવિ, ગાયક, અને ચિત્રકાર પણ છે. બાળકો માટે વધારે સારૂ શું થઈ શકે તેવા સતત ચિંતન સાથે તેઓ બાળકો માટે બાળગીતો લખી, શિક્ષણને વધું રસપ્રદ બનાવી રહ્યા છે. "સમય હોય કે મુડી, બાળકોમાં રોકાણ કરવા જેવું શ્રેષ્ઠ રોકાણ બીજું કોઈ નથી." તેમનું આ વાક્ય શિક્ષણ માટેના તેમના પ્રયાસો વિશે ઘણું સુચકાર્થ છે. શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલા સૌ શિક્ષકોએ શિક્ષક દિન નિમિત્તે આદર્શ સમાજ ઘડતર માટે ઉમદા પ્રયાસો કરતા રહો તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## વિસાવદર કોર્ટમાં ૧૪મી સપ્ટેમ્બરે યોજાશે ભવ્ય લોક અદાલત : તડામાર તૈયારીઓ

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૬

રાષ્ટ્રીય કાનૂની સેવા સમિતિની માર્ગદર્શિકા મુજબ વિસાવદરની ત્રણેય કોર્ટ સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં તા.૧૪-૯-૨૪ને શનિવારના રોજ ભવ્ય લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પી.જી.વી.સી. એલ. કંપનીના વીજ બીલના તમામ પ્રકારના દાવાઓ તથા કોર્ટના હુકમ બાદ કોર્ટમાં કરવામાં આવેલી રકમ વસુલ કરવાની દરખાસ્તો તથા પાવરચોરીનું બિલ હોય તેવા ગ્રાહકોને વર્તમાન પી.જી.વી.સી.એલ. કંપનીની થ્રિ ટાયર સ્કીમ મુજબ રકમ ભરી ૨૦% કે વધુમાં વધુ રૂપિયા ૨૦,૦૦૦/- તે બન્ને માંથી જે ઓછું થતું હશે તેનો લાભ આપવામાં આવનાર હોવાનું પણ જાણવા મળેલ છે તેમજ વીજ કંપનીના રકમ ભરવાના જુના કેસોમાં વ્યાજ, કોર્ટ ફી,વકીલ ફી માફ કરી આપવામાં આવનાર છે, બેંકોના લેણા અંગેના દાવાઓ અને દરખાસ્તોમાં તથા પક્ષકારો વચ્ચેના દીવાની દાવાઓ તથા ફોજદારી કબૂલાત પાત્ર કેસો અને પારિવારિક તકરારોને લગતી અરજીઓમાં પણ બંને પક્ષને યોગ્ય લાભ મળે અને તકરારનો સુખદ ઉકેલ લાવવામાં આવે તે માટે વિસાવદર તાલુકા કાનૂની સેવા સમિતિના ચેરમેન અને મુખ્ય સિવિલ જજ એસ.એસ.ત્રિવેદી દ્વારા છેલ્લા બે મહિનાથી આ અંગે પી.જી.વી.સી.એલ.ના બંને સબ ડીવીઝનના નાયબ ઈજનેરશ્રીઓ, બેંકોના મેનેજરઓ, વકીલ મંડળ તથા પોલીસ વિભાગ સાથે મિટિંગો યોજી જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે તથા અધિક જિલ્લા ન્યાયાધીશ જે.એલ.શ્રીમાળી તથા ફેમિલી જજ પી.વી. શ્રીવાસ્તવ દ્વારા પણ જરૂરી માર્ગદર્શન આપી લોક અદાલતને સફળ બનાવવા માટે પ્રયત્નો થઈ રહેલ છે. ત્રણેય કોર્ટના સ્ટાફ તથા વિસાવદર બારના તમામ વકીલશ્રીઓ દ્વારા પણ અગાઉથી લોક અદાલતમાં મુકવા લાયક કેસો અંગે આગોતરૂ આયોજન કરી જે પક્ષકારો પોતાનો કેસ આગામી લોક અદાલતમાં રાખવા કે મુકવા માંગતા હોય તેવા પક્ષકારોને પોતાનો કેસ લોક અદાલતમાં રાખવા અંગેની જરૂરી માહિતી પૂરી પાડવામાં આવી રહેલ છે. બેંકો તથા પી.જી.વી. સી.એલ. કંપનીની કચેરીએ તથા પોલીસ કેસોમાં સમાધાન તથા કબુલાત માટેના કેસો માટે તથા પારિવારિક તકરારના કેસો, ભરણપોષણના કેસો, ઘરેલુ હિંસાના કેસો આ ઉપરાંત પતિ-પત્ની વચ્ચે ચાલતા તમામ પ્રકારના કેસો, છૂટાછેડા, લગ્ન હક્ક પુરા કરવાના અને જ્યુડિશિયલ સેપ્રેશનના કેસો ઉપરાંત બાળકની કસ્ટડીના કેસો જેમાં વિસાવદર ફેમિલી કોર્ટમાં ચાલતા ભેસાણ તથા મેંદરડા કોર્ટના કેસો સહિતના કેસોમાં સમાધાન કરી ઉકેલ લાવવા માટે જે તે કચેરીઓનો સંપર્ક કરવા અને વિકલ્પે તાલુકા કાનૂની સેવા સમિતિ, વિસાવદરના સેક્રેટરી ચંદુભાઈ ભટ્ટીનો કોર્ટના સમય દરમ્યાન સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## હાટકેશ યુવક મંડળ દ્વારા ગણપતિ મહોત્સવની ઉજવણી થશે

**આવતીકાલે સ્થાપન તા.૭થી ૧૫ સુધી વિવિધ કાર્યક્રમ યોજાશે**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

આવતીકાલથી ગણેશ મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી શરૂ થનાર છે. ત્યારે હાટકેશ યુવક મંડળ દ્વારા પણ ગણેશ મહોત્સવની ધામધૂમ પૂર્વક ઉજવણી આવતીકાલે સવારે ગંધ્રપવાડા વિસ્તારમાં આવેલ હાટકેશ્વર મહાદેવ મંદિરે ધામધૂમ પૂર્વક ગણપતિજીનું સ્થાપન કરવામાં આવશે. તા.૭ થી ૧૪ સુધી દરરોજ વિવિધ કાર્યક્રમો યોજાશે. જેમાં આવતીકાલે સ્થાપન, ત્યારબાદ ભજન, સત્યનારાયણ ભગવાનની કથા, ડ્રોઈંગ કોમ્પીટીશન, રમત ગમત, દાંડીયારાસ, સુંદરકાંડના પાઠ અને ત્યારબાદ વિસર્જન સહિતના કાર્યક્રમોના આયોજન અંગે હાટકેશ યુવક મંડળની ટીમ દ્વારા અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. જેનો ધર્મપ્રેમી ભાવિકોએ લાભ લેવા હાટકેશ યુવક મંડળની યાદીમાં જણાવ્યું છે.

## સોમનાથ મહાદેવ મંદિરમાં બિરાજમાન છે કપર્દિ વિનાયક ગણપતિ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૬

વિશ્વપ્રસિધ્ધ ભગવાન શ્રી સોમનાથ મહાદેવ મંદિરમાં ગજાનન મંગલમૂર્તિવાળા ભગવાન ગણેશજી બિરાજમાન છે. એટલું જ નહી મંદિર પરિસરમાં ઈશાન ખુણામાં કપર્દિવિનાયક મંદિર આવેલું છે. એમ કહેવાય છે કે આ મંદિર મહારાજા કુમારપાળની આજ્ઞાથી પાશુપતાર્ચાય ભાવ બ્રહ્મસ્પતિએ બનાવેલ છે અને આ મંદિર ૮૦૦ વરસ પુરાણું છે. જેમાં ભગવાન ગણપતિ ગણનાયક-રક્ષકના રૂપમાં છે અને સ્થાનના રક્ષક દેવાતા તરીકે ગણાય છે. સોમનાથ મંદિર ટ્રસ્ટ હસ્તકના પ્રાચીન અહલ્યાબાઈ સોમનાથ મંદિર અને રામમંદિર તથા ભીડ ભંજન મંદિરમાં ગણપતિ દાદાની મૂર્તિ બિરાજમાન છે.

## રાજકોટ બ્રહ્મ સમાજના સેવાભાવી શ્રેયાંક વ્યાસનો જન્મદિવસ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

રાજકોટ બ્રહ્મ સમાજના સેવાભાવી અગ્રણી શ્રેયાંકકુમાર દિલીપભાઈ વ્યાસનો આજે જન્મદિવસ છે. સોફટવેર એન્જીનીયર તરીકે કામગીરી સંભાળતા શ્રેયાંકભાઈને જન્મદિન નિમીતે તેઓના બહોળા મિત્ર વર્તુળ, સંબંધીઓ તથા પરિવારના સભ્યો દ્વારા તેઓના મો.નં.૯૭૧૪૮ ૦૦૩૦૩ ઉપર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા આગામી નવરાત્રી મહોત્સવના આયોજન અંગે બેઠક મળશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ આયોજીત નવરાત્રી મહોત્સવ લગભગ ૧૭ વર્ષ પહેલાથી અસ્તિત્વમાં છે. વચ્ચે કોરોના કાળમાં નવરાત્રી મહોત્સવ આરોગ્યને ધ્યાને લઈ સરકારના આદેસાનુસાર મહોત્સવ સ્થગિત હતો. છેલ્લા કેટલાય વર્ષોથી ચાલતી પરંપરાગત નવરાત્રી છે. જેમાં ભારતીય રાષ્ટ્રીય સનાતન પરંપરા મુજબમાં ભવાની શિવાનીનું વિવેકાનંદ ગ્રુપ દ્વારા સ્થાપના કરી નિયમિત આહવાહન, હવન, પૂજન થતી પૂર્ણ પોષાક સાથે નિઃશુલ્ક નવરાત્રી મહોત્સવ છે. આ વખતે કદાચ વરસાદી માહોલ વચ્ચે પુરી વ્યવસ્થા મહોત્સવ તૈયારી સાથે સાધક સંચાલકો ભરતભાઈ લખલાણી, ભાગવતાચાર્ય નરેન્દ્ર પ્રસાદ શાસ્ત્રી, રૂપલબેન, સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મસમાજ ટ્રસ્ટ અગ્રણી છેલભાઈ જોષી, મહાનગર બ્રહ્મસમાજ પ્રમુખ મેહુલભાઈ દવે, શૈલેષભાઈ રવૈયા, પ્રોમનીષભાઈ જાની, વિહિપના રાજેશભાઈ ઠાકર, રીંકલબેન, જ્યોતિબેન મહેતા, માલતીબેન મહેતા, કનકબેન વ્યાસ, મુકેશભાઈ મહેતા, રવિભાઈ ઠાકર, સુનિતા સેવક, કૈલાશબેન વેગડા, રમેશભાઈ મહેતા, ગોપાલકૃષ્ણ શાસ્ત્રી, મહામંત્રી કિરણભાઈ પુરોહિત, ડો.પ્રો. મેહુલભાઈ જાની, શિક્ષણવિદ જેબી શિલું વગેરે તા.૬-૯-૨૪ના પુનિત શોપિંગ સેન્ટર ખાતે મળનારી બેઠકમાં સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મ નવરાત્રી મહોત્સવનું ચિંતન કરશે.

C M Y K C M Y K

# જૂનાગઢ ખાતે શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી

## આઠ શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડથી સન્માનિત કરાયા : જીલ્લાકક્ષાના ૩ શિક્ષકોને એવોર્ડ, પ્રમાણપત્ર અને રૂા.૧૫,૦૦૦નો ચેકથી સન્માનિત કરાયા, તાલુકા કક્ષાના ૫ શિક્ષકોને પણ એવોર્ડ, પ્રમાણપત્ર અને રૂા.૫,૦૦૦નો ચેકથી સન્માનિત કરાયા



જૂનાગઢ, તા.૬

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ પ્રેરિત જિલ્લા વહિવટી તંત્ર અને શિક્ષાધિકારીની કચેરી, જૂનાગઢ દ્વારા જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક-માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોમાંથી વર્ષ ૨૦૨૪-૨૫ માટે તાલુકા-જિલ્લા કક્ષાના શિક્ષક તરીકે પસંદગી પામેલા ૦૮ શિક્ષકોને ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મ દિવસ એટલે કે શિક્ષક દિને સ્વામિનારાયણ વિદ્યા મંદિરના પ્રાર્થના હોલમાં શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ, પ્રમાણપત્ર અને રૂા.૧૫,૦૦૦ તેમજ રૂા.૫૦૦૦ના ચેક આપી શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમ ના મુખ્ય મહેમાનપદેથી જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમરે ઉપસ્થિત શિક્ષણપ્રેમિ સંબોધતા જણાવ્યું હતું કે, આજે આપણાં પુર્વ રાષ્ટ્રપતિ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ દિવસ છે,તેઓ વિવિધ ધર્મ અને તત્વચિંતનનાં જાણીતા વિદ્વાન હતા, તેઓનો જન્મદિવસ ભારતભરમાં શિક્ષક દિન તરીકે ઉજવાય છે. શિક્ષક શ્રેષ્ઠ ગુરુ થકી જીવનમા આગળ વધવાનો રસ્તો બતાવ્યો છે. આજે શિક્ષક દિને શિક્ષકોનું સન્માન કરવાનો મોકો મળ્યો તે બદલ મને ખુબ જ આનંદ છે.

જૂનાગઢ ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા જણાવ્યું કે આપણે ગૌરવ સાથે કહી શકીએ કે શિક્ષકે પોતાની જવાબદારી બાળકોમાં શિક્ષણ અને સંસ્કાર આપવાની સાથે પ્લાસ્ટિક મુક્ત સ્કૂલ બનાવવી, યોગનુ જ્ઞાન આપવું, વાંચનની એક્ટિવિટી વધારવી, નવા પુસ્તકો દ્વારા બાળકોને કેળવણીમાં વધારો થાય સાથે વ્યવસાયલક્ષી શિક્ષણ આપવું અને બાળકોને ભવિષ્યનું ઘડતર થાય તે માટેનું જ્ઞાન આપવું અને રમત સાથે ગમ્મત દ્વારા શિક્ષણ આપવાનું કાર્ય આજના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું છે.

જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ જણાવ્યું કે આજના શિક્ષક સંવેદનશીલ હોવા જોઈએ. દરેક બાળકને યોગ્ય શિક્ષણ મળે તે સંવેદના દાખવવી જોઈએ. સાથે આજનો સમય ટેકનોલોજીનો છે જેમાં ટેકનોલોજી દ્વારા શાળામાં બાળકોને ટેકનોલોજીસભર શિક્ષણ પ્રાપ્ત થાય ઉપરાંત બાળકોને વ્યસન અંગે શિક્ષણ પ્રાપ્ત થાય જેના થકી આવનાર ભવિષ્યમાં વ્યસન મુક્ત જૂનાગઢ બનાવી શકાય.

જૂનાગઢ જિલ્લામાંથી ૦૮ શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી કે જેમણે શ્રેષ્ઠ શિક્ષક તરીકે કામગીરી કરી છે. જેમાં જિલ્લા કક્ષાએ મયુરકુમાર હરસુખભાઈ કવા, ડો.ખુશ્બુબેન ચંદ્રકાંત ગરાળા, બહાદુરસિંહ વનરાજસિંહ વાળાને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ, પ્રમાણપત્ર અને રૂા.૧૫,૦૦૦નો ચેક મહાનુભાવોના હસ્તે આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યારે તાલુકા કક્ષાએ વાલીબેન પાંચાભાઈ ચાવડા, સંગીતાબેન દિનેશભાઈ ચૌહાણ, ચંદ્રેશકુમાર પ્રવીણકુમાર જોશી, ઉર્જાબેન લયેશકુમાર હિંડોચા, સરોજબેન હીરાલાલ મકવાણાને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ, પ્રમાણપત્ર અને રૂા.૫,૦૦૦નો ચેક મહાનુભાવોના હસ્તે આપી સન્માતિ કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન ધો.૫માં જ્ઞાનસેતુ અને ધો.૮માં જ્ઞાનસાધના પરીક્ષામાં રાજય પરીક્ષાના મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ તકે ધારાસભ્ય દેવાભાઈ માલમ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી નીતિન સાંગવાન, આસિસ્ટન્ટ કલેકટર એશ્વર્યા દુબે, જૂનાગઢ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતિ સાકરબેન દિવરાણીયા સહિતના મહાનુભાવો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રાસંગિક પ્રવચન જિલ્લા શિક્ષણાધિકારી ભાવસિંહ વાઢેરે આપ્યું હતું અને આભાર વિધિ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પ્રાચાર્ય આશાબેન રાજયગુરૂએ કરી હતી.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે ઈતિહાસના સંશોધનમાં અભિલેખાગારનું મહત્વ વિષયે વિશેષ વ્યાખ્યાન

## રાષ્ટ્ર, સમાજ તથા માનવજીવનનું સ્વરૂપ સમય, સ્થળ તથા સંજોગો પ્રમાણે પરિવર્તન પામે છે. તેથી ઈતિહાસનું સ્વરૂપ તેમજ કાર્ય પણ પરિવર્તનશીલ છે : પ્રો.(ડો) ચેતન ત્રિવેદી




જૂનાગઢ, તા.૬

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં ઈતિહાસ અનુસ્નાતક વિભાગ દ્વારા ઈતિહાસના સંશોધનમાં અભિલેખાગાર નું મહત્વ વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું, આ વ્યાખ્યાનના વ્યાખ્યાતા નિયામક ગુજરાત સરકાર અભિલેખાગાર ભવન ગાંધીનગરથી પ્રા. (ડો.) શૈલેષભાઈ બી. સોલંકીએ જણાવ્યુ હતું કે ઈતિહાસલેખન માટેના પાયાના ચાર સિદ્ધાંતોમાં પસંદ કરાયેલ વિષય માટે મૂળ તથા સમકાલીન સાધનો તેમજ દસ્તાવેજોને આધારે હકીકતનું એકત્રીકરણ કે સંશોધન, એકત્ર કરાયેલી માહિતીની વાસ્તવિકતાની પુરાવાના આધારે ચકાસણી તેમજ તેનું પૃથક્કરણ અને વિવેચન, ચકાસણી બાદ વાસ્તવિક કે વિશ્વાસપાત્ર ઠરેલ હકીકતની ક્રમ તથા મુદ્દા પ્રમાણે ગોઠવણી કે તેનું સંકલન, અનુરૂપ વિચાર તથા ભાષામાં તેની રજૂઆત કે તેનું આલેખન છે. ઈતિહાસકારે પોતે પસંદ કરેલા વિષય માટે દસ્તાવેજોનું એકત્રીકરણ કે સંશોધન કરવાનું આવશ્યક છે. આ માટે તેણે પુરાતત્વીય સ્થળો, સરકારી દફતર ભંડાર, સંગ્રહાલયો, ગ્રંથાલયો, ઉચ્ચ શિક્ષણ માટેનાં સંશોધનકેન્દ્રો વગેરેની મુલાકાતો લઈને મૂળ તેમજ સમકાલીન સાધનો જેવાં કે અવશેષો, અભિલેખો, સિક્કા દસ્તાવેજો હસ્તપ્રતો, નોંધો, પત્રવ્યવહાર, સામયિકો, વર્તમાનપત્રો, ગ્રંથો વગેરેનું અધ્યયન કરીને માહિતી એકઠી કરવી જોઈએ.

આ પ્રસંગે કાર્યક્રમનાં ઉદઘાટક અને અધ્યક્ષ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ ઉપસ્થિત ઈતિહાસના વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યુ હતુ કે રાષ્ટ્ર, સમાજ તથા માનવજીવનનું સ્વરૂપ સમય, સ્થળ તથા સંજોગો પ્રમાણે પરિવર્તન પામે છે. તેથી ઈતિહાસનું સ્વરૂપ તેમજ કાર્ય પણ પરિવર્તનશીલ છે. ઈતિહાસનું કાર્ય રાજયવંશો, યુદ્ધો, રાજવીઓ, સામંતો, ધર્મગુરુઓ, વંશાવળીઓ વગેરેનું નિરૂપણ કરવાનું છે તેવો ઈતિહાસ વિશેનો જૂનો ખ્યાલ યથાર્થ નથી. કશા જ પૂર્વગ્રહ વગર માત્ર સત્યકથન એ જ ઈતિહાસનું ધ્યેય છે. આ તકે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ.નાં ઈતિહાસ વિભાગનાં વડા પ્રો.ડો.) વિશાઈ જોષીએ ઉપસ્થિત અતિથીઓને આવકારી કાર્યક્રમની રૂપરેખા રજુ કરતા જણાવ્યુ હતુ કે અનુસ્નાતક કક્ષાએ ઈતિહાસના વિદ્યાર્થીઓને ડેઝર્ટેશન કરતા હોય અભ્યાસક્રમમાં સંશોધનનો મુખ્ય ઉદ્દેશ્ય રહેલો હોવાથી વિદ્યાર્થીઓ માટે આ વ્યાખ્યાન ખુબ જ ઉપયોગી પુરવાર થશે. સાથે ગુજરાત સરકાર અભિલેખાગાર ભવન ગાંધીનગરથી નિયામકશ્રી પ્રા. (ડો.) શૈલેષભાઈ બી. સોલંકી ખાસ ઉપસ્થિત રહી ઈતિહાસ અને અભિલેખાગારની વ્યવસ્થાઓ અને યુનિ. કક્ષાએ થતાં દફતર વર્ગીકરણ અંગે ભકતકવિ નરસીંહ મહેતા યુનિ.નાં વિવિધ વિભાગીય વડાઓ અને વહીવટી સ્ટાફને માહિતગાર કર્યા છે. ડો. રમેશ એમ. ચૌહાણ દ્વારા સ્વાગત તેમજ આભારવિધિ કરવામાં આવી હતી.આ પ્રસંગે ઈતિહાસ વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, યુનિ.નાં વિભાગીય વડાઓ અને કર્મયોગીઓ અને પ્રુબધ્ધ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જીલ્લામાં જંગલ સરહદી વિસ્તારમાં વન્ય પ્રાણી સુરક્ષાને ધ્યાને રાખી તપાસ





જૂનાગઢ, તા.૬

જૂનાગઢ જીલ્લામાં જંગલ સરહદી વિસ્તારમાં ગીર પશ્ચિમ વન વિભાગ, પોલીસ વિભાગ, તેમજ પી.જી.વી.સી.એલ. ના સંયુક્ત આયોજન દ્વારા જંગલ વિસ્તારમાં ચકાસણી કરવામાં આવી હતી. જેમાં જૂનાગઢ તથા ગીર સોમનાથ જિલ્લાના અધિકારીઓ અને કર્મચારીઓ બહોળી સંખ્યામાં જોડાયેલા હતા. આ તપાસમાં દરેક વિભાગ સાથે મળીને જંગલમાં સરહદી વિસ્તારમાં એકબીજાના સંકલનમાં રહી વન્ય પ્રાણી સુરક્ષાને ધ્યાને રાખી કામગીરી કરવામાં આવી હતી. જે અંતર્ગત ખેતર, વાળી, ફાર્મ હાઉસ, વાડી વિસ્તારમાં ઈલેક્ટ્રીક તાર ફેન્સીંગ, ખુલ્લા કુવાઓ, બહારના રાજ્ય અને જિલ્લાના મજૂરોના પડાવો, ઉપરાંત રહેઠાણને તપાસ કરવામાં આવ્યા હતા. આ સિવાય વાહનો ચેકિંગ, એસટી સ્ટેશન, રેલ્વે સ્ટેશન અને શક પડતી તમામ જગ્યાઓમાં તપાસણી કરવામાં આવી હતી.

# રાજકોટ જીલ્લામાં ૨૫૫ શક્તિ કેન્દ્રમાં શહેરી - ગ્રામીણ વિસ્તારોમાં નવા પાંચ લાખ કરતા વધુ સભ્યો નોંધવાનો અમારો લક્ષ્યાંક : સાંસદ પરષોત્તમભાઈ રૂપાલા

(પંકજ ઝીબા દ્વારા)



રાજકોટ, તા.૬

દેશના માન.યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડાજીના માર્ગદર્શન હેઠળ કેન્દ્રીય ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર દેશમાં સદસ્યતા અભિયાનનો શુભારંભ થયેલ છે. જે અંતર્ગત રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારીશ્રી ધવલભાઈ દવેના માર્ગદર્શન હેઠળ રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાની અધ્યક્ષતામાં તથા સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયા, જીલ્લા મહામંત્રી હરેશભાઈ હેરભા, ધારાસભ્યશ્રી જયેશભાઈ રાદડિયા, હાસ્યકલાકાર ધીરૂભાઈ સરવૈયા સહીતનાની ઉપસ્થિતિમાં રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા "શ્રી કમલમ" જીલ્લા ભાજપ કાર્યાલય, રાજકોટ ખાતે સદસ્યતા અભિયાન-૨૦૨૪ લોન્ચિંગ કાર્યક્રમમાં તમામ પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

આ સદસ્યતા અભિયાન-૨૦૨૪ લોન્ચિંગ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ સંગઠન પ્રભારીશ્રી ધવલભાઈ દવેએ જણાવ્યું હતું કે, દર છ વર્ષે સભ્યની સદસ્યતા પૂર્ણ થવાથી ફરીથી સદસ્ય બને છે, આજે દેશ સહિત તમામ જિલ્લાઓમાં સદસ્યતા અભિયાનનો પ્રારંભ થયેલ છે, બીજી સપ્ટેમ્બરે રાષ્ટ્રીય પ્રમુખ નડડાજીએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીને પ્રાથમિક સભ્ય બનાવી આ સદસ્યતા અભિયાનની શરૂઆત કરી હતી. જ્યારે ગુજરાતમાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને સભ્ય બનાવી આ સદસ્યતા અભિયાન કાર્યક્રમની શરૂઆત કરી હતી. સાંસદ પરષોત્તમભાઈ રૂપાલાએ વધુમાં જણાવેલ કે, રાજકોટ જિલ્લામાં નવા પાંચ લાખ કરતા વધુ સભ્યો નોંધવાનો અમારો લક્ષ્યાંક છે. ૨૫૫ શક્તિ કેન્દ્રમાં તમામ બુથ તેમજ શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં તમામ વોર્ડ અને શક્તિકેન્દ્રમાં આ કામગીરી પૂરી કરવાની છે. દરેક બુથમાં વધુમાં વધુ પ્રાથમિક સભ્યો બનાવવામાં આવશે. તમામ બુથમાં સંયોજક, પ્રભારીઓની નિમણુંક કરવામાં આવી છે.ભાજપના સભ્ય બનવું એ ગૌરવની બાબત છે.

જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે, આગામી ૧૭, સપ્ટેમ્બરે નરેન્દ્રભાઈ મોદીજીનો જન્મદિવસ છે અને ૨૫, સપ્ટેમ્બરે પંડિત દિનદયાલજીની જન્મજયંતી છે. આ દિવસોમાં રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા સદસ્યતા અભિયાન અંગે વિશેષ અભિયાન કરી લક્ષાંક પૂર્ણ કરવામાં આવશે. ભાજપને મજબૂત બનાવવાનો સોનેરી અવસર છે ૮૮૦૦૦૦૨૦૨૪ મિસ કોલ કરવાથી જે વિગત ભરશે, તેમાં પ્રાથમિક સભ્ય બની શકશો. આપણા માટે ગૌરવની બાબત છે આપણે ભાજપના સભ્ય છીએ અને અમે બધા પણ પક્ષે જે સદસ્યતા માટે અમને જે લક્ષ્યાંક આપેલ છે તે પૂરૂ કરીશું.

આ સદસ્યતા અભિયાન લોન્ચિંગ કાર્યક્રમમાં સાંસદશ્રી, ધારાસભ્યશ્રી, રાજકોટ જીલ્લા ભાજપ ટીમ, જીલ્લા સેલના કન્વીનર, સહ-કન્વીનર, જીલ્લા મોરચાના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, મંડલના પ્રમુખ મહામંત્રી, જીલ્લા પંચાયતના સભ્યો, સદસ્યતા અભિયાન કાર્યક્રમના ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જશ્રીઓ, યુવા મોરચા, બક્ષીપંચ મોરચા, અનુસુચિતજાતી મોરચાના હોદ્દેદારો સહિત અપેક્ષિત કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જીલ્લા મહામંત્રી હરેશભાઈ હેરભાએ કાર્યક્રમનું સંચાલન કરેલ અને આભારવિધિ જીલ્લા ઉપપ્રમુખ ખોડાભાઈ ખસીયાએ કરી જણાવેલ કે, અમે જિલ્લા ભાજપ વતી તમામ પત્રકારોનો આભાર માનીએ છીએ.

# દ્વારકા જીલ્લામાં ભાજપ દ્વારા સદસ્યતા અભિયાનનો પ્રારંભ

(પ્રતિનિધિ દ્વારા)



જામ ખંભાળિયા, તા.૬

દ્વારકા વિસ્તારના ધારાસભ્ય પબુભા માણેક અને દ્વારકા જિલ્લા ભાજપના પ્રમુખ મયુરભાઈ ગઢવીના પણ હેઠળ ભારતીય જનતા પાર્ટીની પ્રાથમિક સદસ્યતા અપાવી, જિલ્લાના સદસ્યતા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં ભગવાન દ્વારકાધીશની પાવન ભૂમિ દ્વારકાથી જિલ્લાના વિવિધ મંડળોમાં સદસ્યતા અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો છે.

આ અભિયાન દરમ્યાન આગેવાનો અને કાર્યકર્તાઓએ પ્રજાના પ્રત્યેક વર્ગ સુધી પહોંચી, ભાજપની નીતિઓ અને વિચારધારાને વિસ્તૃત કરવાનો સંકલ્પ લીધો છે. કાર્યક્રમમાં ધારાસભ્ય પબુભા માણેકે જણાવ્યું હતું કે, "આ અભિયાન માત્ર એક સદસ્યતા માટેનો કાર્યક્રમ નથી, પરંતુ દેશભક્તિ અને સમાજની સેવા માટે દરેક નાગરિકને એક મંચ પર લાવવાનો પ્રયાસ છે."

આ અભિયાનમાં ખાસ રહેલા જિલ્લા મહામંત્રી અને આ અભિયાનના જિલ્લા ઈન્ચાર્જ યુવરાજસિંહ વઢેર, રસિકભાઈ નકુમ, પાલાભાઈ કરમુર, આ અભિયાનના સહ ઈન્ચાર્જ રાજુભાઈ સરસિયા અને કેતનભાઈ બુદ્ધભટ્ટી, જિલ્લા ભાજપના ઉપપ્રમુખ ખેરાજભા કેર, મોહનભાઈ બારાઈ, રમેશભાઈ હેરમા, વિજયભાઈ બુજડ, ધનાભા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. આ અગ્રણીઓએ સભામાં હાજરી આપીને ભારતીય જનતા પાર્ટીની સેવા અને સમર્પણની ભાવના માટે પોતાનો યોગદાન આપ્યો. એમણે જણાવ્યું કે, "આવા અભિયાન દ્વારા અમે પ્રજાને ભાજપના વિશાલ પરિવારમાં જોડવા માટે અને દેશના વિકાસમાં યોગદાન આપવાની આહ્વાન કરી રહ્યા છીએ." આગેવાનો દ્વારા 'સદસ્યતા અભિયાન'માં વધુ સક્રિયતા સાથે જોડાવાનું અને દરેક ઘરમાં ભારતના વિકાસનો સંદેશ પહોંચાડવાનો સંકલ્પ વ્યકત કરવામાં આવ્યો હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ફિલ્મી દુનિયાની કાળી બાજુ ઉજાગર કરતો રિપોર્ટ

બદલો લેવાની ફિલ્મી કહાનીઓએ હંમેશાં ફિલ્મ નિર્માતાઓ અને સિનેમા દર્શકોને આકર્ષિત કર્યા છે. પરંતુ ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૭માં મલયાલમ અભિનેત્રી સાથે જે થયું, તેનાથી ન માત્ર મલયાલમ ફિલ્મ ઉદ્યોગ, પરંતુ આખો દેશ આઘાતમાં છે. હાલમાં જ એ ઘટના સંબંધે જ્યારે જસ્ટિસ હેમા કમિટીનો રિપોર્ટ ઉજાગર થયો તો ફરી એક વાર આ મામલો ચમક્યો.

આ બધું ત્યારે શરૂ થયું, જ્યારે અભિનેત્રી શુટિંગ બાદ ઘરે પાછી ફરી રહી હતી. જે કારમાં તે મુસાફરી કરી રહી હતી તેને અટકાવીને પાંચ વ્યક્તિ તેમાં સવાર થઈ ગયા. આગામી બે કલાક સુધી તેમણે તેનું યૌન શોષણ કર્યું અને આ ભયાવહ ઘટનાને રેકોર્ડ પણ કરી. એ હુમલા બાદ તે અભિનેત્રી પોતાના એક સહકર્મીના ઘરે પહોંચી, જેણે તેને રિપોર્ટ નોંધાવવા માટે પ્રેરિત કરી. આ રીતે આ સાત વર્ષ જૂની કહાની શરૂ થઈ, જે હજુ પણ મથાળાંમાં ચમકે છે અને ફિલ્મ જગતની ચમક-દમક પાછળની અનૈતિકતાને ઉજાગર કરી રહી છે, કારણકે મલયાલમ સિનેમાની બીજી ઘણી મહિલાઓએ સાહસ કર્યું અને પોતાના સ્તબ્ધ કરી દેનારા કડવા અનુભવો બધા સામે રજૂ કર્યા.

આ આંદોલન વિકસિત અને પ્રગતિશીલ મનાતા મલાયમ ફિલ્મ ઉદ્યોગ વિશે ઘણું બધું કહી જાય છે. પરંતુ એ માનવું બિલકુલ ભોટપણું કહેવાશે કે અન્ય ઉદ્યોગોમાં એવું નહીં થતું હોય, જેમાં હોલિવડ પણ સામેલ છે, જેને પ્રગતિશીલ મૂલ્યો ધરાવતો ફિલ્મોદ્યોગ માનવામાં આવે છે. હોલિવુડમાં મીટૂ આંદોલને આ ઉદ્યોગના સૌથી કાયર અને કામુક લોકોમાંથી એક હાર્વે વિન્સ્ટીનના નામને ઉજાગર કર્યું, જે હવે પોતાના અપરાધો માટે જેલમાં છે. તેમ છતાં દાયકાઓ સુધી તે વૈશ્વિક મનોરંજન ઉદ્યોગનો માનીતો હતો, તેણે ઓસ્કાર પુરસ્કાર જીત્યા અને ખૂબસૂરત અભિનેત્રીઓ તેની સાથે હતી. આ બધું ત્યારે થઈ રહ્યું હતું, જ્યારે આ વ્યવસાયની અંદરના લોકો તેની ગતિવિધિઓ અને શોષણ વિશે જાણતા હતા.

ડબ્લ્યુસીસી (મલયાલમ સિનેમામાં બહાદુર મહિલાઓ દ્વારા સ્થાપિત સંગઠન)એ જણાવ્યું છે કે કેવી રીતે પુરુષોનો એક સમૂહ શિકારીની જેમ કામ કરે છે અને તેઓ એક-બીજાને બચાવે છે. આ સમૂહ એટલો શક્તિશાળી છે કે જે મહિલાઓએ આ મુદ્દાને ઉઠાવ્યો છે, તેમને કામ કરવાથી પ્રતિબંધિત કરી દેવામાં આવી છે અને તેમને બહુ મુશ્કેલીથી કામ મળી રહ્યું છે. કલ્પના કરો કે આ એવી સ્થિતિ છે જેમાં કશું જ છૂપું નથી.

૨૦૧૭માં થયેલ એ ક્રૂર અપરાધની પ્રેરણા એ હતી કે કથિત રીતે અભિનેત્રી સુપરસ્ટાર દિલીપની પૂર્વ પત્નીની નજીકની દોસ્ત હતી, જેને તેણે પોતાના વિવાહેત્તર સંબંધો વિશે જણાવ્યું, જેને કારણે છૂટાછેડા થઈ ગયા. આરોપ છે કે દિલીપને લાગતું હતું કે પૂર્વ પત્ની સાથે છૂટાછેડામાં આ અભિનેત્રીનો હાથ છે. તેથી તે ગુસ્સાથી લાલચોળ થઈ ગયો અને તેણે બદલો લેવાનું નક્કી કર્યું. આ એક સી ગ્રેડ ફિલ્મની પટકથા જેવું લાગે છે, ફરક માત્ર એટલો છે કે હુમલો વાસ્તવમાં થયો હતો અને ચોંકાવનારી આ ઘટના યાદ દેવડાવે છે કે ફિલ્મ ઉદ્યોગમાં પુરુષ વર્ગ ન માત્ર બોક્સ ઓફિસ પર, બલ્કે ફિલ્મ ઉદ્યોગના અંધારા હિસ્સામાં પણ હાવી છે.

હાલમાં જ કન્નડ સુપરસ્ટાર દર્શન પર એક યુવા પ્રશંસક, જેણે તેની પ્રેમિકાને અશ્લીલ સંદેશ મોકલ્યા હતા, તેની હત્યાના આરોપ લાગ્યા અને તેની ધરપકડ કરી લેવામાં આવી. તે હવે જેલમાં છે અને હાલમાં જ ખુરશી પર આરામથી બેસીને સિગારેટ પીતાં તેની તસવીર સામે આવી હતી. એ આરોપ લગાવવામાં આવ્યો કે જે પીટાઈને કારણે એ વ્યક્તિનું મોત થયું, તે દર્શનના આદેશ પર તેના 'પ્રશંસકો' દ્વારા કરવામાં આવી હતી. ફરીથી અધિકારની એક ભ્રામક ભાવના અને એ ધારણા પ્રસરી કે દુનિયા અને વિશેષ રૂપે મહિલાઓ તેમના ઈશારાઓ પર નાચવા માટે ઉપલબ્ધ છે. પરંતુ આ પ્રકારના ખુલાસા આપણને ક્યાં લઈ જશે? બેશક આવી ઘટનાઓ હજુ ક્યારેક જ જોવા મળે છે, પરંતુ તેનો મતલબ એ નથી કે આ શોષણ અન્ય ફિલ્મ ઉદ્યોગોમાં નહીં થતું હોય, જેમાં સૌથી હાઈ પ્રોફાઈલ બોલિવુડ પણ સામેલ છે. અત્યાર સુધી યૌન શોષણના રિપોર્ટના કેસોને 'ગોસિપ' કે વિવાદાસ્પદ મહિલાઓ દ્વારા ધ્યાન ખેંચવાનાં ગતકડાં ગણાવીને નકારી દેવાતાં હતાં. જોકે તેમાં બદલાવ આવવો નક્કી છે. મીટૂ બાદ પહેલી વાર, જે ભારતમાં કસમયે ખતમ થઈ ગયું,એવું લાગે છે કે આ પ્રથાઓ પર લગામ લગાવવાની ઉલટી ગણતરી શરૂ થઈ ચૂકી છે અને જ્યારે આ બંધ તૂટશે, જેવું કે મલયાલમ ફિલ્મ ઉદ્યોગમાં થયું છે, તો જે લોકોને આપણે આમ જનતાના આદર્શ રૂપે સન્માન આપ્યું છે, તેમાંથી કેટલાય લોકોની અસલી ઓળખ ઉજાગર થઈ જશે.

જોકે આ એક એવી લડાઈ છે, જેમાં વિવેકવાન પુરુષોએ પણ સામેલ થવું જોઈએ, કારણકે જો પુરુષ સમસ્યાનો હિસ્સો છે, તો તેઓ સમાધાનનો પણ હિસ્સો છે. એ વાતનો ઈનકાર ન કરી શકાય કે એક સમાજ રૂપે આપણે આજે પણ પુરુષપ્રધાન છીએ અને ફિલ્મ ઉદ્યોગના મુખ્ય સદસ્યો રૂપે શક્તિશાળી પુરુષોને મહિલાઓ સાથે હાથ મિલાવીને સિસ્ટમને સાફ કરવાની જરૂર છે. આ એકજુટતાની સાર્વજનિક ઘોષણાઓની સાથે સાથે એ વાત પર પણ ભાર આપવામાં આવી શકે છે કે તે જે ફિલ્મ સેટ પર કામ કરતા હોય, તે ઉચ્ચ દિશાનિર્દેશોનું પાલન કરતા હોય અને મહિલાઓ માટે કાર્યસ્થળ સુરક્ષિત હોય. જો વીએફએક્સ અને વેનિટી વેન પર ભારે બજેટ ખર્ચ કરી શકાય છે, તો મહિલાઓ માટે સ્વચ્છ અને સુલભ શૌચાલય, આરામ કરવાની જગ્યા અને સુરક્ષિત યાત્રા માટે બજેટ કેમ ન બનાવી શકાય? આજે પણ કોઈ ગમે તેટલી સશક્ત મહિલા હોય, પણ રાત્રે બે વાગ્યે એકલા હાઈવે પર કારમાં જવાની હિંમત ન કરી શકે, જ્યારે કોઈપણ પુરુષ એવું કરી શકે છે. આ કેટલીય મહિલાઓની સચ્ચાઈ છે, જ્યાં સુધી આ સ્થિતિ નહીં બદલાય, ત્યાં સુધી મહિલાઓની લડાઈ જારી રહેશે.

# ઊના : ગીરગઢડા રોડ ઉપર ટ્રેકટર ચાલકે મોટર સાયકલ ચાલકને હડફેટે લઈ યુવાનનું મોત નીપજાવી પલટી મારી જતાં ટ્રેકટરમાં આગ લાગતાં ફાયર બ્રિગેડએ આગ બુઝાવી



ઊના તા. ૬ : ઊના થી બે કિલોમીટર દૂર ગીર ગઢડા રોડ ઉપર સુલેમાનભાઈ પટેલની વાડી સામે ઊના વાડી વિસ્તારમાં રહેતા કૃણાલ પ્રતાપભાઈ સોલંકી (ઊં.વ.૧૯) નાયરા પેટ્રોલ પંપ ઉપર નોકરી કરતા તેમના ભાઈ ને જમવાનું ટિફિન દેવા પોતાના કબજા વાળું મોટર સાયકલ નંબર **GJ -32R -8171** ઉપર જતા હતા ત્યારે સામેથી એક ટ્રેકટર નંબર **GJ -11B -9313** ના ચાલક સામેથીઆવી પુર ઝડપે અને બેફિકરાઈથી ટ્રેકટર ચલાવી માનવ જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી કૃણાલના મોટર સાયકલને સામેથી ભટકાવી રોડની સાઈડના ખાડામા પલ્ટી ખાઈ ગયું હતું. આજુબાજુના લોકો આવી જઈ ટ્રેકટર નીચે દબાયેલ કૃણાલને બહાર કાઢી ઊનાની હોસ્પિટલમા સારવાર માટે ખસેડાયા હતાં તેમને માથામાં, ડાબા પગ અને ડાબા હાથમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી અને બેભાન થઈ ગયા હતા. સારવાર દરમિયાન કૃણાલનું મોત થયાનું ડોકટર જણાવેલ હતું. ઊના પોલીસ સ્ટેશનમા મરણ જનાર સગા હિતેશભાઈ લક્ષ્મણભાઈ સોલંકી રે. ઊના વાડી વિસ્તાર એ ટ્રેકટર ચાલક સામે અકસ્માત કરી તેમના ભાઈના દીકરા કૃણાલનું મોત નિપજાવી નાસી ગયાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા પી.એસ.આઈ. એચ. આર. જેબલિયા કરી રહ્યા છે. જાણવા મળતી વિગત મુજબ જયારે ટ્રેકટર અકસ્માત કરી પલ્ટી ખાઈ ગયું હતું ત્યાર પછી ટ્રેકટરમા અચાનક આગ લાગી હતી અને તુરંત ઊના નગર પાલિકાના ફાયર બ્રિગેડના સ્ટાફે ઘટના સ્થળે પહોંચી આગ બુઝાવી દીધી હતી.

# ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દિનની શાનદાર ઉજવણી કરાઈ



જૂનાગઢ તા. ૬

ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ મેનેજડ બાય પ્રયાગ વિદ્યા સંકુલ જુનાગઢના વિદ્યાર્થીઓએ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન ના જન્મ દિવસ ને ૫મી સપ્ટેમ્બરના રોજ શિક્ષકદિનની શાનદાર ઉજવણી કરવામાં આવી. આ દિવસે વિદ્યાર્થીઓએ, પ્રિન્સીપાલ, શિક્ષકો અને પટાવાળા સહિત ઉત્સાહભરે ભાગ લીધેલ.

૫મી સપ્ટેમ્બર ૧૯૬૭થી આપણા દેશમાં ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન જન્મદિવસને શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. તેમનો જન્મ ૫મી સપ્ટેમ્બર ૧૮૮૮માં તામીલનાડુના તિરૂતની ગામમાં થયો હતો. તેઓ માત્ર પોથી પંડિત ન હતા. વિદ્વાન હોવાથી સાથે એક શિક્ષક શુ કરી શકે તે ડૉ.રાધાકૃષ્ણનજીએ કરી બતાવ્યું. એમના રાધા અને કૃષ્ણ નો. સંગમ છે. આમ કૃષ્ણનો પ્રેમ અને રાધાનું સમપર્ણ એક ખોળિયામાં સમાય ત્યારે જ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન જેવા શિક્ષકો મળે જે સતત શીખતો રહે તેનું નામ જ શિક્ષક રાધા કૃષ્ણન વિચારો સદ્ગુણો અને પ્રમાણિકતા સાદગી જેવા ગુણો વિદ્યાર્થીઓમાં વિકસે તે અંગેનું સુંદર માર્ગદર્શન સંસ્થાના પ્રમુખશ્રી જે.વી.બુટાણી, ટ્રસ્ટીશ્રી હરેશભાઈ પરસાણા, પ્રિન્સીપાલ શ્રી.કે.એમ.ઠુંમર, રવિસર,ડોબરીયા તમામે આપેલ. સુંદર એક્રરીંગ ક્રિનલસર દ્વારા કરવામાં આવેલ.

વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં અને કાર્યક્રમનું આયોજન શાળાના સમગ્ર સ્ટાફ ગણ દ્વારા કરવામાં આવેલ.

# સુત્રાપાડા તાલુકાના ગામોના પડતર પ્રશ્નોનો નિકાલ કરતા ધારાસભ્ય ભગવાનભાઈ બારડ



## મટાણા, કણજોતર, ધામરેજ સહિતના ૪૭ ગામોને પ્રવાસ કર્યા

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૬

સુત્રાપાડા તાલુકાના ૧૩ ગામનો ધારાસભ્યના પ્રવાસ કાર્યક્રમ તથા સુત્રાપાડા તાલુકા ભાજપ મંડળ દ્વારા ભાજપા સદસ્યતા અભિયાન-૨૦૨૪ અંતર્ગત ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, શૈલેન્દ્રસિંહ રાઠોડ, ગીર સોમનાથ જીલ્લા ભાજપ ઉપપ્રમુખ બહાદુરસિંહ ગોહીલ, મંત્રી પ્રતાપસિંહ બારડ, સુત્રાપાડા તાલુકા ભાજપ પ્રમુખ અરશીભાઈ ચાવડા, ન્યાય સમિતિના ચેરમેન ભોળાભાઈ જાદવ, જીલ્લા પંચાયત સદસ્યા અશ્વિન પરમાર, તાલુકા પંચાયત સદસ્ય વીરસિંહ જાદવ, તાલુકા પંચાયત સદસ્ય જશુભાઈ સોલંકી, સુત્રાપાડા તાલુકા ભાજપ સદસ્ય મહેન્દ્રભાઈ રામ, સદસ્ય અભિયાન સંયોજક વિજય સોલંકી, પુર્વ તાલુકા પંચાયત સદસ્ય પંકજભાઈ પંપાણીયા તથા ભાજપના હોદેદારો તથા પ્રવાસ કાર્યક્રમમાં ધારાસભ્ય દ્વારા વિકાસના કામો તથા તમામ વિભાગના અધિકારી ગણ સાથે રાખેલ મટાણા, કણજોતર, ધામરેજ, ધામરેજ બંદર, થોરડી, સીંગસર, બલેવલા, લોઢવા, પ્રશ્નાવડા, વડોદરા ઝાલા, વાવડી, મોરાસા પ્રવાસ કરી લોકોના પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

# પટેલ કેળવણી મંડળ, જૂનાગઢની કાલરિયા સ્કુલનાં અંગ્રેજી માધ્યમના બાળકોએ શિક્ષક દિન ઉજવ્યો



જૂનાગઢ, તા.૬

ભારતનાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ – ભારત રત્ન તથા પ્રખર શિક્ષણવિદ ડો. શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસને સમગ્ર દેશમાં પરંપરાગત રીતે 'શિક્ષક – દિન' તરીકે ઉજવવામાં આવે છે. તેને અનુલક્ષીને જૂનાગઢ સ્થિત પટેલ કેળવણી મંડળના શ્રીમતી આર. એસ. કાલરિયા પ્રાયમરી સ્કુલનાં અંગ્રેજી માધ્યમના ધોરણ – ૮ નાં બાળકોએ 'એક દિવસનાં શિક્ષક' બનીને નાના બાળકોનાં વર્ગો લીધેલ. વિદ્યાર્થી બાળકોનાં આ મનગમતા કાર્યક્રમનો 'સરસ્વતી – વંદના' સાથે શુભારંભ કરીને શિક્ષક કે શિક્ષિકા બનેલા બાળકોએ વિવિધ – વર્ગોમાં જઈ વિવિધ વિષયો ભણાવેલ. આવી રીતે કુલ ૧૭૩ બાળકો આજરોજ તા. ૫/૯/૨૪, ગુરૂવારે' વિદ્યાર્થી – શિક્ષક'ની ભૂમિકા ભજવેલ. બાળકો સંચાલિત વર્ગો લેનાર વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ સવજીભાઈ મેનપરા, વાઈસ મેનેજીંગ ટ્રસ્ટી રતિભાઈ મારડીયા, મંત્રી શિરિષભાઈ સાપરીયા, કિશોરભાઈ મેંદપરા, એકેડેમીક ઈન્ચાર્જ ડો. પી. આર. ગોધાણી, કેમ્પસ ડાયરેકટર ડો. દિનેશભાઈ ડઢાણીયા, એકેડેમીક ડેપ્યુટી ડાયરેકટર નિરજભાઈ વાછાણી તથા પ્રિન્સીપાલશ્રી આસ્થાબેન નાવાણીએ શુભેચ્છા પાઠવેલ હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

કર્તવ્ય પાલનનું નામ જ ધર્મ છે.

- ગાંધીજી

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા સુદ-૩ ભગવાન શ્રી વરાહ જયંતિ, હરિતાલીકા તૃતિયા, કેવડાત્રીજ તા.૬ સપ્ટેમ્બર ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૨૩, મુસ્લિમ તા.૨, હસ્ત નક્ષત્ર, શુક્લ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૩૫, સૂ.અ.૭:૦૩
આજનો દિવસ મધ્યમ છે.
આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), રાત્રે ૧૧:૦૦ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પ્રિયજન સાથે મુલાકાત સફળ નીવડે. સમસ્યાનો ઉકેલ મળે.
વૃષભ:ધાર્મિક કાર્યોમાં ધન વપરાય. આનંદ ઉત્સાહમાં વધારો થાય.
મિથુન:વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. આરોગ્ય અંગે સાવચેત રહેવું.
કર્ક: નોકરી-ધંધાના કાર્યમાં લાભ થાય. આકસ્મીક પ્રવાસના યોગ છે.
સિંહ: ગૃહસ્થીજીવનમાં મતભેદ થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.
કન્યા: કાર્યબોજમાં હળવાશ અનુભવાય. વડીલ વર્ગથી લાભ મળે.
તુલા: કૌટુંબિક સમસ્યામાં વધારો થાય. સામા પ્રવાહમાં અનુભવાય.
વૃશ્ચિક જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા સતાવે. દોડા-દોડી રહે.
ધન: નિરાશામાંથી મૂક્ત થઈ શકશો. નવિન પ્રવાસનું આયોજન થાય.
મકર: હિતશત્રુઓથી સાવધ રહેવું હિતાવહ. સ્વમાન ભંગ ન થાય.
કુંભ: નવિન કાર્યમાં સફળતા પ્રાપ્ત થાય. આકસ્મીક લાભ મળે.
મીન: મનની મૂંઝવણમાં વધારો થાય. કાર્યબોજમાં વધારો થાય.

# ગીર સોમનાથ જીલ્લા પશુધન વસ્તી ગણતરી સ્થગિત રખાઈ, નવો આદેશ આવ્યે શરૂ થશે

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા.૬

દેશભરમાં કેન્દ્ર સરકારના પશુધન વિભાગ દ્વારા ગાય, ભેંસ, ઘેટાં-બકરા, ગધેડા, ઘોડા સહિત વિવિધ ૨૮ જાતના પશુઓની ગણતરી ૧ લી સપ્ટે.થી કાર્યરત થનાર હતી તેને અચાનક રૂકજાવનો બ્રેક લાગેલ છે અને સુચવ્યું છે કે, હવે પછી નવો આદેશ મળે ત્યારે શરૂ કરવી. દેશમાં પ્રથમવાર જ ડીઝીટલ મોબાઈલ એપથી દર પાંચ વર્ષે થતી આ પશુ ગણતરી થનાર હતી પરંતુ ભારતના અન્ય કેટલાક રાજયોમાં તાલીમ અભાવ, ઉપકરણો ન પહોંચવાની શકયતા અને કોઈ જાતનું માળખું જ ગોઠવાયું પણ ન હોઈ શકે તેથી આ ગણતરી દેશભરમાં અકે સાથે જ કરવાની હોય જેથી હાલ સ્થગિત કરાયેલ છે. જો કે ગીર સોમનાથ અને જૂનાગઢ જીલ્લો સંપુર્ણ તૈયારી સાથે સજ્જ હતો જેને પણ રૂકજાવનો આદેશ આવેલ છે.

# ઉના : બે શખ્સો સામે પાસા હેઠળ થતી કાર્યવાહી



ઊના તા. ૬

ઊના તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તાર માં જુગાર નો અખાડો ચલાવી જુગાર રમાડતા જાવીદ ઉર્ફે જોન હબીબ શેખ રે. નાલીયા માંડવી તા.ઊના ઉકાભાઈ હમીર ભાઈ વાઘ રે. નાઠેજ તા. ઊના સામે ઊના પોલીસમાં ગુનાઓ દાખલ થયા હતા. લોકો શાંતિ પૂર્વક રહે જુગારની પ્રવૃતિ બંધ થાય તે માટે ઊના પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્ર સિંહ એન રાણા આ બન્ને ઈસમો સામે પાસા હેઠળની દરખાસ્તની ફાઈલો તૈયાર કરી ગીર સોમનાથ જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરીએ મોકલી આપેલ અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ગંભીરતા સમજી આ બે ઈસમો જાવીદ ઉર્ફે જોન અને ઉકાભાઈ હમીરભાઈ વાઘ સામે પાસા નું વોરંટ જાહેર કરતા ઊના પોલીસ સ્ટાફે પાસાનું વોરંટ બજવી જાવીદ ઉર્ફે જોન હબીબ ભાઈ શેખને પકડી ભુજ સેન્ટ્રલ જેલ મા, ઉકાભાઈ હમીરભાઈ વાઘને અમદાવાદ સાબરમતી જેલમાં મોકલી આપ્યા હતા.

# ગીર સોમનાથ જિલ્લાના ગોસ્વામી મહામંડળના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવામાં આવી



(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા. ૬

તાજેતર માં સનાતન દશનામ ગોસ્વામી મહા મંડળ ગુજરાત દવારા ગીર સોમનાથ જિલ્લા ના પ્રમુખ તરીકે સુંદરપૂરી કાનપૂરી ગોસ્વામી અને ઉપ પ્રમુખ તરીકે ઊનાના રમેશગીરી દાનગીરી ગોસ્વામીની નિમણુક કરવામાં આવી હતી.

# શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯ અને ૧૧ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરાયા

## ધોરણ-૯ અને ૧૧માં હવે ૨૦ ટકાના બદલે ૩૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો પૂછવામાં આવશે, ચાલુ શૈક્ષણિક વર્ષથી જ વિદ્યાર્થીઓએ નવા ફેરફાર મુજબ પરીક્ષા આપવાની રહેશે

અમદાવાદ, તા.૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯ અને ૧૧ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. ધોરણ-૯ અને ૧૧માં અત્યાર સુધી ૨૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો પુછવામાં આવતા હતા. પરંતુ હવે ૨૦ ટકાના બદલે ૩૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો પુછવામાં આવશે. ગતવર્ષે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યા બાદ ચાલુ વર્ષે ધોરણ-૯ અને ૧૧ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરાયો છે. આ ફેરફાર બાદ વિષયોના પરિરૂપ અને નમુનાના પ્રશ્નપત્રો પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે. જેથી હવે ધોરણ-૯ અને ૧૧માં ચાલુ વર્ષથી જ નવા ફેરફાર મુજબ પરીક્ષા લેવાશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાષ્ટ્રીય શિક્ષણ નિતી-૨૦૨૦ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા પદ્ધતિમાં રાજ્ય સરકારની મંજૂરી મેળવીને ફેરફાર કરવામાં આવ્યો હતો. જેમાં ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં હેતુલક્ષી પ્રશ્નોનું વેઈટેજ વધારવામાં આવ્યું હતું અને માર્ચ૨૦૨૪માં લેવામાં આવેલી બોર્ડની પરીક્ષા નવી પરીક્ષા પદ્ધતિ અનુસાર લેવાઈ હતી. રાષ્ટ્રીય શિક્ષણ નિતી-૨૦૨૦ અન્વયે ધોરણ-૯થી ૧૨ની પરીક્ષા પદ્ધતિમાં એકસુત્રતા જળવાય તે હેતુથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી ધોરણ-૯ અને ધોરણ૧૧ની હાલની પરીક્ષા પદ્ધતિમાં પણ ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે શિક્ષણ બોર્ડ દ્વારા સરકારમાં દરખાસ્ત કરવામાં આવી હતી અને તેને સરકાર તરફથી મંજૂરી મળી જતાં હવે તેનો અમલ કરવામાં આવશે. ધોરણ-૯ અને ૧૧માં હાલની જોગવાઈ પ્રમાણે ૨૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો અને ૮૦ ટકા વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નો પુછવામાં આવે છે. જેમાં વર્ણનાત્મક પ્રશ્નોમાં આંતરિક વિકલ્પ આપવામાં આવતા હોય છે. જોકે, હવે ધોરણ-૯ અને ૧૧માં ૨૦ ટકાના બદલે ૩૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો પૂછવામાં આવશે. જ્યારે ૮૦ ટકાના બદલે ૭૦ ટકા વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નો પૂછાશે. વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોમાં જનરલ વિકલ્પ આપવામાં આવશે. ધોરણ-૯ અને ૧૧ ઉપરાંત સંસ્કૃત પ્રથમ અને સંસ્કૃત માધ્યમમાં પણ આ જ પ્રકારના ફેરફાર કરાયા છે. શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯ અને ધોરણ-૧૧ તેમજ સંસ્કૃત પ્રથમ અને મધ્યમાની સુધારેલી પરીક્ષા પદ્ધતિ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ એટલે કે ચાલુ વર્ષથી જ અમલમાં મુકવાનું નક્કી કર્યું છે. આ માટે તજજ્ઞો પાસે તૈયાર કરાવવામાં આવેલા પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર અને નમુનાના પ્રશ્નપત્રો પણ મોકલવામાં આવ્યા છે. જેથી સ્કૂલોને તે અંગેની જાણ કરવા માટે સૂચના અપાઈ છે. ધોરણ-૯માં ૧૦ વિષય અને ધોરણ-૧૧માં ૨૨ વિષયના પરિરૂપ તૈયાર કરવામાં આવ્યા છે. આ સિવાયના ધોરણ-૯ અને ધોરણ૧૧ના બાકી રહેતા વિષયો, ઉત્તર બુનિયાદી શાળાઓના વિષયો, વોકેશનલ શિક્ષણના વિષયો તેમજ સંસ્કૃત પાઠશાળાના વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ હવે પછી તબક્કાવાર પ્રસિદ્ધ કરવામાં આવશે.

### કયા ધોરણમાં કયા વિષયના પરિરૂપ જાહેર કરાયા

ધોરણ-૯ : ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, ગુજરાતી (પ્રથમભાષા), ગુજરાતી (દ્વિતીય ભાષા), અંગ્રેજી (પ્રથમભાષા), અંગ્રેજી (દ્વિતીય ભાષા), હિન્દી (પ્રથમ ભાષા), હિન્દી (દ્વિતીય ભાષા), સંસ્કૃત ધોરણ- ૧૧ : ગુજરાતી (પ્રથમ ભાષા), ગુજરાતી (દ્વિતીય ભાષા), અંગ્રેજી (પ્રથમ ભાષા), અંગ્રેજી (દ્વિતીય ભાષા), હિન્દી (પ્રથમ ભાષા), હિન્દી (દ્વિતીય ભાષા), સંસ્કૃત, અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન, નામાના મૂળતત્વો, SPCC, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, ઈતિહાસ, ભુગોળ, રાજ્યશાસ્ત્ર, ગણિત, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવવિજ્ઞાન.


# બેંગલુરૂના વિદ્યાર્થીએ દાઢી ન કઢાવતાં રેગિંગ કરીને સિનિયર વિદ્યાર્થીઓએ માર માર્યો




બેંગલુરૂ તા.૬

બેંગલુરૂની એક પ્રાઈવેટ કોલેજના બીબીએ નાગરિક વિભાગના બીજા વર્ષના વિદ્યાર્થી ઉપર સિનિયર વિદ્યાર્થીઓએ રેગિંગ કરીને હુમલો કર્યો હતો જેના કારણે આ વિદ્યાર્થીના હાથમાં ફ્રેક્ચર થઈ ગયું હતું અને તેના કપાળમાં પણ ઈજા થઈ હતી એવું બહાર આવ્યું છે કે આ વિદ્યાર્થી કેરાલા ન છે. ધ્રુવ (નામ બદલ્યું છે)ની દાઢી વધી ગઈ હતી અને એ દાઢી રાખતો હતો આથી કેટલાક સિનિયર વિદ્યાર્થીઓએ તેને દાઢી દૂર કરવા માટે કહ્યું હતુ તેને દાઢી અને મૂછ બંને કાઢી નાખવા માટે અને ચહેરા પર દાઢી કરીને સફાચટ ચહેરા સાથે કોલેજ આવવા માટેનો આદેશ અપાયો હતો. ધ્રુવ કહે છે કે હું જ્યારે એપ્રિલથી કોલેજમાં જોડાયો ત્યારે જ મને આવું કરવા માટે કહી દેવાયું હતું પણ મેં એમનું સાંભળ્યું નહોતું અને ચેહરાને સેવિંગ કરી આવી ના હું કોલેજ જતો હતો આથી એ લોકો ગુસ્સે ભરાયા હતા અને મને કહ્યું હતું કે, તું સિનિયરોને માન આપતો નથી એ લોકોએ કોલેજમાં જ ચાર વખત મારૂં રેગિંગ કર્યું હતું. એ લોકો મેં ભાડે રાખેલા મારા મકાન સુધી પણ આવ્યા હતા. તાજેતરમાં મને ત્રણ સિનિયર વિદ્યાર્થીઓનો ફોન આવ્યો હતો અને એક ચર્ચની પાસે મને મળવા બોલાવ્યો હતો અને કહ્યું હતું કે તારી સાથે વાતચીત કરવી હતી. મને લાગ્યું કે કશું અજુગતું થવાનું છે એટલે હું મારા રૂમ પાર્ટનરને લઈને ત્યાં ગયો હતો. ત્યાં એ ત્રણ સિનિયર હાજર હતા અને બીજા સાતથી આઠ સિનિયર આવી લાગે હતા. તેમણે મારી સાથે ઝઘડો શરૂ કર્યો હતો અને અહીં ને અહીં દાઢી ઉતારી નાખ અને સેવિંગ કરાવી લે એવો મને આદેશ આપ્યો હતો પણ મેં ના કહી એટલે મને ગાળો દેવાનો શરૂ કર્યું હતું અને મારા પર હુમલો કર્યો હતો. કઈ વસ્તુથી બને માર્યો એ મને મને ખબર નથી પણ મને ઘણી સખત ઈજાઓ થઈ હતી અને હાથ પણ ભાંગી ગયો હતો અને કપાળમાં પણ ઈજા થઈ હતી. તેના હાથ પર શસ્ત્રક્રિયા કરવી પડી છે કોલેજના સંચાલકોએ જે કોઈ આરોપી હોય એ તમામ વિદ્યાર્થીઓ સામે પગલાં લેવાની ખાતરી આપી છે. ધ્રુવના પિતાએ પોલીસને જણાવ્યું હતું કે, મારા દીકરાની સારવાર ચાલી રહી હતી ત્યારે પણ એ ત્રણ લોકો હોસ્પિટલ આવ્યા હતા અને ત્યાં પણ મારા દીકરાને ધમકી આપી હતી. આરોપીઓ વિદ્યાર્થીઓ હોવાથી પોલીસે એમને નિવેદન માટે તપાસની સધીકારી સમક્ષ હાજર થવા માટે નોટિસો આપી છે તે પછી જરૂરી પગલાં લેવામાં આવશે.

# રાજ્યના અસરગ્રસ્ત જિલ્લાઓમાં ૧૧૨૦ ટીમ દ્વારા સર્વે : ૮.૦૪ કરોડની કેશડોલ્સ ચૂકવાઈ



ગાંધીનગર, તા.૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં ભારે વરસાદથી અતિ પ્રભાવિત જિલ્લાઓમાં જનજીવન ઝડપભેર પૂર્વવત થાય અને અસરગ્રસ્ત જરૂરતમંદ પરિવારોને કેશડોલ્સ અને ઘરવખરી સહાયની ચૂકવણી પણ ત્વરાએ થાય તે અંગે જિલ્લા કલેકટરોને દિશાનિર્દેશ આપ્યા છે. મુખ્યમંત્રીના આ નિર્દેશોના પગલે સંબંધિત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં અસરગ્રસ્ત પરિવારોને કેશડોલ્સ અને ઘરવખરી સહાયની નિયમાનુસારની ચુકવણી પ્રક્રિયા અસરગ્રસ્તોનો સર્વે કરીને હાથ ધરવામાં આવી રહી છે. જેમાં વરસાદથી અસર પામેલા જરૂરતમંદ વ્યક્તિઓ- પરિવારો કે જેમની રોજીરોટીને અસર થઈ છે તથા ઘરવખરી સામાન તણાઈ જવાથી કે નાશ થવાથી નુકસાન થયું છે તેમને રાજ્ય સરકાર દ્વારા સહાય ચૂકવણી કરવામાં આવે છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે પ્રેસ-મીડિયાને સંબોધન કરતા રાહત કમિશનર આલોકકુમાર પાંડે દ્વારા જણાવવામાં આવ્યું છે કે, રાજ્યના વડોદરા, સુરત, રાજકોટ, આણંદ, કચ્છ, ખેડા, ગાંધીનગર, જામનગર, દ્વારકા, નર્મદા, નવસારી અને પોરબંદર, મોરબી તથા વલસાડ જિલ્લાઓમાં કુલ ૧૧૨૦ ટીમ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ જિલ્લાઓમાં તા. ૩ સપ્ટેમ્બર સુધીમાં ૧,૬૯,૫૬૧ વ્યક્તિઓને કુલ રૂા. ૮.૦૪ કરોડ રકમ કેશડોલ્સ પેટે ચૂકવવામાં આવી છે. એટલું જ નહિ, જે પરિવારોની ઘરવખરી-કપડાં વગેરે પાણીમાં તણાઈ જવાથી કે નુકસાન થવાથી નાશ પામ્યા છે, તેવા પરિવારોની સર્વે કામગીરી ૧૧૬૦ ટીમ દ્વારા હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીમાં આ જિલ્લાઓના આવા ૫૦,૧૧૧ પરિવારોને કુલ રૂા.૨૦.૦૭ કરોડથી વધુ રકમ ઘરવખરી અને કપડા સહાય પેટે ચૂકવવામાં આવી છે. જ્યારે માનવ મૃત્યુના કિસ્સામાં ૨૨ મૃતકોના પરિવારોને સરકાર તરફથી કુલ રૂા. ૮૮ લાખની સહાય ચૂકવવામાં આવી છે. સાથે જ પશુ મૃત્યુના કિસ્સામાં મૃત્યુ પામેલા ૨,૬૧૮ પશુઓના માલિકોને કુલ રૂા. ૧.૭૮ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આ ઉપરાંત અસરગ્રસ્ત જિલ્લાઓમાં કાચા મકાનો, પાકા મકાનો, આંશિક અને સંપૂર્ણ નુકશાન પામેલા મકાન અને ઝૂંપડાનો પણ સર્વે હાથ ધરીને અત્યાર સુધીમાં ૪,૬૭૩ મકાન-ઝૂંપડા માલિકોને કુલ રૂા.૩.૬૭ કરોડથી વધુની રકમ સહાય પેટે ચૂકવવામાં આવી છે. રાજ્યમાં ભારે વરસાદની પરિસ્થિતિ વચ્ચે અસરગ્રસ્ત વિસ્તારોમાં NDRFની ૧૭, SDRFની ૨૭ તેમજ આર્મીની ૦૯ કોલમ ઉપરાંત એરફોર્સ અને કોસ્ટગાર્ડની ટીમો દ્વારા કુલ ૩૭,૦૫૦ લોકોને રેસ્ક્યુ તેમજ ૪૨,૦૮૩ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. સાથે જ, ૫૩ વ્યક્તિઓને એરલીફ્ટ પણ કરવામાં આવ્યા હતા. અન્ય કામગીરીમાં રાજ્યમાં અસરગ્રસ્ત કુલ ૨,૨૩૦ કિમી રોડ-રસ્તાનુ સમારકામ આગામી ૧૦ દિવસમાં પૂર્ણ કરીને તમામ રોડને મોટરેબલ કરી દેવામાં આવશે. પાણી ભરાવવાથી રાજ્યના કુલ ૮૮ સબ-સ્ટેશન સાવચેતીના ભાગરૂપે બંધ કરાયા હતા. જે હવે ચાલુ કરાઈ રહ્યા છે. રોડ મરામત સહિતની કામગીરી માટે મુખ્યમંત્રી સડક યોજના હેઠળ કોર્પો. માટે કુલ રૂા.૭૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

# કંગના રણૌતની ઈમરજન્સી ફિલ્મને તાત્કાલિક કોઈ રાહત નહીં : બોમ્બે હાઈકોર્ટ

મુંબઈ તા.૬

૧૯૭૫માં ઈન્દિરા ગાંધીએ લાગુ કરેલી કટોકટી ઉપર આધારિત અભિનેત્રી અને સાંસદ કંગના રણૌતની ફિલ્મ 'ધ ઈમરજન્સી' સેન્સર બોર્ડમાં અટવાઈ છે અને તેના કારણે હવે નિયત સમયે રિલીઝ નહીં થઈ શકે. ફિલ્મ ૬ સપ્ટેમ્બરે રિલીઝ થવાની હતી, પરંતુ અમુક શીખ સંગઠનોએ વાંધો ઉઠાવ્યા બાદ સેન્સર બોર્ડમાંથી મંજૂરી મળી રહી નથી, જે ફિલ્મ રિલીઝ માટે ફરજિયાત છે. જેના કારણે ઝી સ્યુડિયોઝ (જેઓ ફિલ્મના કો-પ્રોડ્યુસર છે) દ્વારા બોમ્બે હાઈકોર્ટ સમક્ષ એક અરજી કરીને ફિલ્મને તાત્કાલિક સર્ટિફિકેટ આપવા માટે સેન્ટ્રલ બોર્ડ ફોર ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)ને નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી હતી, પરંતુ કોર્ટે તાત્કાલિક કોઈ રાહત આપી નથી. બોમ્બે હાઈકોર્ટે સેન્સર બોર્ડને આગામી ૧૮ સપ્ટેમ્બર સુધીમાં આ મામલાનો નિકાલ કરવા માટેના નિર્દેશ આપ્યા છે. જેના કારણે હવે ૬ સપ્ટેમ્બરે ફિલ્મ રિલીઝ થાય તેની સંભાવનાઓ નહિંવત્ છે. બોમ્બે હાઈકોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું કે, તેઓ હાલ તાત્કાલિક સેન્સર બોર્ડને કોઈ આદેશ આપી શકે તેમ નથી

# વડોદરા બાદ અમદાવાદમાં પણ ભાજપના ધારાસભ્ય બાબુલાલ પટેલ સહિતના નેતાઓને લોકોએ આડે હાથ લીધા

અમદાવાદ, તા.૬

ચોમાસાની આ સિઝનમાં તારાજીના દૃશ્યોએ ભાજપ શાસકોને લોકોના રોષ અને નારાજગીનો સતત સામનો કરવો પડી રહ્યો છે. વડોદરા બાદ અમદાવાદમાં પણ ભાજપના ધારાસભ્ય સહિતનાઓને લોકરોષનો ભોગ બનવું પડ્યું છે. અમદાવાદમાં પડેલા ભારે વરસાદના પગલે નિકોલ-કઠવાડા રોડ ઉપર આવેલા મધુમાલતી આવાસ યોજનામાં ૨૪ કલાક બાદ પણ વરસાદી પાણીનો નિકાલ થયો નથી. ભારે વરસાદમાં લોકોના ઘરમાં પાણી જતા રહે છે જેના કારણે સ્થાનિકો હેરાન પરેશાન થાય છે. નિકોલ મધુમાલતી આવાસ યોજનાના મકાનોમાં ભરાયેલા પાણીને લઈ આજે દસક્રોઈ વિધાનસભાના ભાજપના ધારાસભ્ય બાબુદાસ જમનાદાસ પટેલ, વોટર સપ્લાય કમિટીના ચેરમેન દિલીપ બગડીયા અને સ્થાનિક નિકોલ વોર્ડના કોર્પોરેટરો ત્યાં પહોંચ્યા હતા. ત્યારે સ્થાનિકોએ બરાબરના ખખડાવ્યા હતા. નેતાઓએ રેનબસેરામાં રહેવાની અને ફૂડ પેકેટ મળી જશે તેવું કહેતા જ રોષ ભરાયેલા લોકોએ તમારે અન્ય જગ્યાએ મકાનો ફાળવવા હોય તો ફાળવો નહિતર બે હાથ જોડીને જતા રહેવાનો ઈશારો કરતા નેતાઓએ ચાલતી પકડવી પડી હતી. નિકોલ ખાતે આવેલા મધુમાલતી આવાસ યોજનામાં વરસાદી પાણીના નિકાલની કોઈ યોગ્ય વ્યવસ્થા કે આયોજન માટે કોર્પોરેટરોએ અને મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર એ ધ્યાન આપ્યું નથી. દસ્ક્રોઈના ભાજપના ધારાસભ્ય બાબુદાસ જમનાદાસ પટેલ સ્થાનિક કોર્પોરેટરો અને વોટર સપ્લાય કમિટીના ચેરમેન દિલીપ બગડીયા સાથે મધુમાલતી આવાસ યોજનાની મુલાકાતે ગયા હતા. તે સમયે સ્થાનિકોએ વ્યથા ઠાલવતા કહ્યું હતું કે, પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા નથી. અમે કેટલી તકલીફમાં છીએ તેની તમને ખબર નથી. પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાથી જો હજી પણ વરસાદ પડશે તો આ જ પરિસ્થિતિ સર્જાશે. જેથી અમને અન્યત્ર જગ્યાએ રહેવા માટે મકાન ફાળવી આપો. ત્યારે વોટર સપ્લાય કમિટીના ચેરમેન દિલીપ બગરીયાએ કહ્યું કે, હું આટલા બધા મકાન ક્યાંથી આપું. તમને રેન બસેરામાં રહેવાની વ્યવસ્થા કરી આપું છું અને ખાવાનું મળી જશે. ફૂડ પેકેટની વ્યવસ્થા કરી આપીશું તેમ કહેતા નાગરિકો રોષે ભરાયા હતા. તેમણે સ્થાનિકોને સમજાવ્યા હતા કે, વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપલાઈન નાખવાની છે અને દિવાળી કે આવતા વર્ષ સુધીમાં પાણીની પાઈપલાઈન નંખાઈ જશે અને તમને કોઈ તકલીફ પડશે નહીં, પરંતુ સ્થાનિકોનો આક્ષેપ હતો કે જ્યાં સુધી વરસાદ પડશે ત્યાં સુધી આ જ સમસ્યા રહેશે તો અમે કેવી રીતે રહીશું. સ્થાનિકો તેમના ઉપર રોષ ઠાલવતાં કહ્યું કે, અમે તમને અહીં પાણીના નિકાલની વ્યવસ્થા થાય તેના માટે બોલાવ્યા છે. અમારે મકાનો જોઈએ છે. અમારે કોઈ રેન બસેરામાં રહેવા માટે જવું નથી કે જમવાનું જોઈતું નથી. ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના વિસ્તારમાં પણ પાણી ભરાયેલા હોવાને લઈને જ્યારે રજૂઆત કરી તો નેતાઓએ કહ્યું હતું કે, એ મારો વિષય નથી હું જે રહીશો છે તેના માટે વ્યવસ્થા કરી આપીશ. સ્થાનિક લોકો તેમની રજૂઆત કરતા હતા ત્યારે વોટર સપ્લાય કમિટીના ચેરમેન બગરીયાએ આ ઔડા મકાન બન્યા ત્યારથી કેટલા લોકો મકાન માલિક છે ? ભાડુઆત છે ? અને તે વિષય ઉપર ચર્ચા કરતા સ્થાનિક લોકો વધારે રોષે ભરાયા હતા કે, અત્યારે તમને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કેવી રીતે કરવી તેના માટે બોલાવ્યા છે, તેની જગ્યાએ તમે મકાન માલિક અને ભાડુઆત વિશે વાત કરો તે યોગ્ય નથી. તમે અમારી વેદના સમજતા નથી અમે મરીએ એટલું જ બાકી રહ્યું છે. રેનબસેરામાં અમારે રહેવું નથી. તમે અહીં ફોટો પડાવવા માટે આવ્યા છો.

# જૂના શિક્ષકોની ભરતી માટે ૮ સપ્ટેમ્બર સુધી ખાલી જગ્યા દર્શાવવાની રહેશે

અમદાવાદ, તા.૬

રાજ્યમાં ૪ હજાર જેટલા જૂના શિક્ષકોની ભરતી માટેની કાર્યવાહી શરૂ કરવા માટેની જાહેરાત કરાયા બાદ હવે જૂના શિક્ષકોની ખાલી જગ્યાઓની વિગતો મંગાવવામાં આવી છે. જિલ્લાઓમાંથી ૮ સપ્ટેમ્બર સુધીમાં ખાલી જગ્યાની વિગતો મોકલવાની રહેશે. ત્યારબાદ ખાલી જગ્યાઓની ઓનલાઈન એન્ટ્રી કર્યા બાદ તે જગ્યા ફ્રીઝ કરવામાં આવશે. એક વાર જગ્યા ફ્રીઝ કરી દેવામાં આવ્યા બાદ તેમાં કોઈ પણ પ્રકારના ફેરફાર કરી શકાશે નહીં. જૂના શિક્ષકોની જગ્યા ભરવા માટેની કાર્યવાહી શરૂ થાય તે પહેલા આ તમામ પ્રક્રિયા પુર્ણ કરાશે. પ્રાપ્ત માહિતી અનુસાર, બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ૧ ઓગસ્ટ ૨૦૨૪ની સ્થિતિએ જૂના શિક્ષકો તથા શિક્ષણ સહાયકોની ખાલી જગ્યાની વિગતો કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા મંગાવવામાં આવેલી છે. જેથી સુચનાઓને ધ્યાને લઈને ખાલી જગ્યાઓની વિગતો પોર્ટલ ઉપર ૮ સપ્ટેમ્બર સુધીમાં એન્ટ્રી કરવા માટે આદેશ કરાયો છે. જે તે જિલ્લાને પોર્ટલની લીંક તેમજ યુઝર આઈ-ડી અને પાસવર્ડ ઓફીસીયલ ઈ-મેઈલ ઉપર મોકલી આપવામાં આવશે. ખાલી જગ્યાની એન્ટ્રી પૂર્ણ થઈ ગયા બાદ પ્રમાણિત કરી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની તમામ જગ્યાઓ જૂના શિક્ષક માધ્યમિક, જૂના શિક્ષક ઉચ્ચતર માધ્યમિક, શિક્ષણ સહાયક માધ્યમિક અને શિક્ષણ સહાયક ઉચ્ચતર માધ્યમિક એમ અલગ અલગ પ્રમાણિત નકલ કચેરી ખાતે ૯ સપ્ટેમ્બરના રોજ ભરતી નોડલ અધિકારીએ રૂબરૂ રજૂ કરવાની રહેશે. વર્ષ-૨૦૧૬ની શિક્ષણ સહાયકની ભરતીની ખાલી રહેલી જગ્યાઓ દર્શાવવાની રહેશે નહી. પોર્ટલ ઉપર સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની ખાલી જગ્યાઓ દર્શાવવાની રહેશે નહી. જુના શિક્ષકો તથા શિક્ષણ સહાયકની ખાલી જગ્યાઓની ઓન-લાઈન એન્ટ્રી થયા બાદ આગામી સુચના મળ્યેથી જગ્યાઓ ફ્રીઝ કરવાની રહેશે. જગ્યાઓ ફ્રીઝ કર્યા બાદ જગ્યાઓની પી.ડી.એફ. ડી.ઈ.ઓ. લોગ-ઈનમાંથી ડાઉનલોડ કરવાની રહેશે, અને તેના ઉપર જિલ્લા શિક્ષણાધિકારીએ સહી/ સિક્કા કરી કચેરી ખાતે જાણકાર અધિકારી સાથે હાજર રહેવાનું રહેશે. એક વાર જગ્યાઓ ફ્રીઝ કરવામાં આવશે ત્યાર બાદ જગ્યાઓમાં ફેરફાર કરી શકાશે નહી, અને તે ખાલી જગ્યા બાબતે ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીની રહેશે. પોર્ટલ ઉપર એન્ટ્રી કરેલી ખાલી જગ્યાઓની સમરી નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

# પોલિયો રસીકરણ દરમ્યાન ગાઝામાં ઈઝરાયેલી હુમલામાં ૩૫ લોકોનાં મોત

(એજન્સી) તા.૬

ઈઝરાયેલી દળોએ ગાઝામાં ઓછામાં ઓછા ૩૫ લોકો મૃત્યુ પામ્યા છે, પેલેસ્ટીની અધિકારીઓના જણાવ્યા અનુસાર, મધ્ય ગાઝામાં લડાઈમાં સંક્ષિપ્ત અને આંશિક વિરામને કારણે ચિકિત્સકોને બાળકો માટે પોલિયો રસીકરણનો બીજો દિવસ ચલાવવાની મંજૂરી આપી હતી. પેલેસ્ટીની સિવિલ ઈમરજન્સી સર્વિસે મંગળવારે જણાવ્યું કે અગાઉના ૨૪-કલાકના રિપોર્ટિંગ સમયગાળામાં મૃત્યુ પામેલા લોકોમાં દક્ષિણના શહેર રાફાહમાં ચાર મહિલાઓ અને ઉત્તરમાં ગાઝા શહેરમાં હોસ્પિટલ નજીક આઠ લોકોનો સમાવેશ થાય છે. બાદમાં, ગાઝા સિટીના મધ્યમાં ઓમર અલ-મોખ્તાર સ્ટ્રીટ નજીક એક ઘરની અંદર ઈઝરાયેલી હવાઈ હુમલામાં નવ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા. બીજો હુમલો શહેરના ઉત્તરી ઉપનગર શેખ રદવાનમાં કોલેજ નજીક થયો હતો. ડોકટરોએ જણાવ્યું કે સમગ્ર પ્રદેશમાં હવાઈ હુમલામાં અન્ય લોકો મૃત્યુ પામ્યા. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું કે તેણે ગાઝા સિટીમાં અલ-અહલી અરબ હોસ્પિટલ નજીકના કમાન્ડ સેન્ટરમાં આઠ પેલેસ્ટીનીઓને બંદૂકધારીઓએ મારી નાખ્યા હતા, જેમાં એક વરિષ્ઠ હમાસ કમાન્ડરનો પણ સમાવેશ થાય છે જેમણે ઑક્ટોબર ૭ના ઈઝરાયેલ ઉપરના હુમલામાં ભાગ લીધો હતો. એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે અહમદ સૈનિક નાઝેર મુહમ્મદ વાડિયાએ ગાઝા સરહદ નજીક ઈઝરાયેલના નેટીવ હાસારા સમુદાયમાં 'નાગરિકોની હત્યા'ને આદેશ આપ્યો હતો. હમાસ તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આવી નથી. હમાસ અને પેલેસ્ટીની ઈસ્લામિક જેહાદની સશસ્ત્ર શાખાએ જણાવ્યું કે તેઓ ગાઝા શહેરના ઝેતુન વિસ્તારમાં અને દક્ષિણમાં રાફાહ અને ખાન યુનુસમાં પણ ઈઝરાયેલી દળો સામે લડી રહ્યા છે. તેમ છતાં, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ જણાવ્યું કે તે ગાઝામાં પોલિયો રસીકરણ માટેના તેના ધ્યેયથી આગળ છે, મંગળવારે, વિશાળ ઝુંબેશના ત્રીજા દિવસે, અને તેણે ગાઝાના ૧૦ વર્ષથી ઓછી ઉંમરના લગભગ એક ક્વાર્ટર બાળકોને રસીકરણ કર્યું હતું. આ પ્રદેશમાં ૨૫ વર્ષમાં પ્રથમ વખત પોલિયોનો કેસ નોંધાયા બાદ રવિવારે સામૂહિક રસીકરણ અભિયાન શરૂ થયું હતું. આ ઓપરેશન ઘેરાયેલા વિસ્તારના ચોક્કસ વિસ્તારોમાં ઈઝરાયેલ અને હમાસના લડાકુઓ વચ્ચેની લડાઈમાં દરરોજ આઠ કલાકના વિરામ ઉપર આધારિત છે. યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસના પ્રવક્તાએ જણાવ્યું કે બાળકોને રસી અપાવવાની લડાઈમાં વિરામ એ 'ભયાનકતા વચ્ચે આશાનું એક દુર્લભ કિરણ અને માનવતાનું કિરણ હતું'

# કુર્આન શિક્ષકે સંસ્કૃત પ્રેરિત નામ કૈલાક સાથે સ્કોડા સ્પર્ધા જીતી

નવી દિલ્હી, તા.૬

કેરળના એક કુર્આન શિક્ષકે સ્કોડા દ્વારા તેના નવા ૨૦૨૫ મોડેલ સ્પોર્ટ યુટિલિટી વ્હીકલ (SUV)ને નામ આપવા માટે આયોજિત આંતરરાષ્ટ્રીય સ્પર્ધા જીતી છે. હાફિઝ મોહમ્મદ ઝિયાદનું સૂચિત નામ કૈલાક લાખો એન્ટ્રીઓમાંથી પસંદ કરવામાં આવ્યું હતું. હાફિઝ ઝિયાદ, જેઓ હાલમાં કેરળના કસરાગોડમાં કુર્આન મેમોરાઈઝેશન માટે નજત કોલેજમાં ભણાવે છે, તેમણે કૈલાક નામ સૂચવ્યું, જે સંસ્કૃત ભાષામાંથી ઉતરી આવ્યું છે અને તેનો અર્થ ક્રિસ્ટલ છે. સ્કોડાએ તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ઉપર એક નિવેદનમાં ઝિયાદને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, અમને એ જાહેરાત કરતાં આનંદ થાય છે કે કેરળના મોહમ્મદ ઝિયાદ દ્વારા પ્રસ્તાવિત નામ અમારા આગામી સ્કોડા કૈલાક મોડલ માટે પસંદ કરવામાં આવ્યું છે. તેમનું સર્જનાત્મક યોગદાન ટૂંક સમયમાં અમારી બ્રાન્ડના વારસાનો એક ભાગ બનશે. કંપનીની વેબસાઈટ ઉપર શેર કરાયેલા એક વીડિયોમાં ઝિયાદે નામ પાછળની તેની પ્રેરણા સમજાવી. કારના શોખીન ન હોવા છતાં, તેઓ કારની માલિકીની આશા સાથે સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રેરિત થયા હતા, એક સ્વપ્ન જે તેમના પરિવારની આર્થિક પરિસ્થિતિએ તેમને પૂર્ણ થવા દીધું ન હતું. સ્પર્ધા માટે જરૂરી હતું કે સૂચિત નામો K અક્ષરથી શરૂ થાય અને ઊ સાથે સમાપ્ત થાય, એક પડકાર જે ઝિયાદે નિશ્ચય સાથે સ્વીકાર્યો. પ્રક્રિયા ઉપર પ્રકાશ પાડતા, ઝિયાદે જણાવ્યું હતું કે, તેમણે માપદંડને અનુરૂપ નામો માટે ઘણાં દિવસો વિતાવ્યા હતા. સાવધાનીપૂર્વક વિચારણા કર્યા પછી, હું કૈલાક ઉપર સ્થાયી થયો, એક નામ જે સ્પર્ધાની આવશ્યકતાઓ અને મેં કલ્પના કરેલ સૌંદર્યલક્ષી ગુણો બંને સાથે પડઘો પાડે છે. તેમની શૈક્ષણિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં રાખીને ઝિયાદની સિદ્ધિ ખાસ કરીને નોંધપાત્ર છે. તેમણે કાલિકટ યુનિવર્સિટીમાંથી અંગ્રેજીમાં ડિગ્રી મેળવી છે અને કુરાન મેમોરાઈઝેશન માટે અલ મરજાન ઈન્સ્ટિટ્યૂટમાંથી હાફિઝ તરીકે સ્નાતક થયા, તેમના કુરાનિક અભ્યાસ માટે સમર્પિત સાત વર્ષ વિતાવ્યા. તેમણે કાલિકટમાં યમની આરબ યુનિવર્સિટી કોલેજમાં એક વર્ષનો અભ્યાસ પણ પૂરો કર્યો. ઝિયાદની સિદ્ધિએ સોશિયલ મીડિયા ઉપર વ્યાપક પ્રશંસા મેળવી છે, ઘણાં લોકોએ તેમની ધાર્મિક પૃષ્ઠભૂમિને વૈશ્વિક ઓટોમોટિવ ઉદ્યોગમાં સર્જનાત્મક પ્રયાસ સાથે ભેળવવાની તેમની ક્ષમતાની પ્રશંસા કરી છે. તેમની સફળતાને પ્રેરણા તરીકે જોવામાં આવે છે, જે દર્શાવે છે કે સર્જનાત્મકતા અને નવીનતા વિવિધ ક્ષેત્રો અને પૃષ્ઠભૂમિમાં ખીલી શકે છે.

# ઈશાન કિશન, સૂર્યકુમાર યાદવ અને પ્રસિદ્ધ કૃષ્ણ દુલીપ ટ્રોફીના પ્રથમ રાઉન્ડમાં ચૂકી જશે



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૬

વિકેટ-કીપર બેટર ઈશાન કિશન ચાલુ ઓલ-ઈન્ડિયા બૂચી બાબુ ટુર્નામેન્ટ દરમિયાન જંઘામૂળની ઈજાને કારણે દુલીપ ટ્રોફીના પ્રથમ રાઉન્ડમાંથી બહાર થઈ ગયો છે. બીસીસીઆઈની મેડિકલ ટીમ તેની સ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે અને ઝડપથી રિકવરી સુનિશ્ચિત કરવા માટે કામ કરી રહી છે. પુરૂષોની પસંદગી સમિતિએ કિશનના સ્થાને ભારતીય ડી ટીમમાં સંજુ સેમસનને પસંદ કર્યો છે. બેટર સૂર્યકુમાર યાદવ પણ દુલીપ ટ્રોફીના પ્રથમ રાઉન્ડ માટે અનુપલબ્ધ રહેશે કારણ કે ઓલ-ઈન્ડિયા બૂચી બાબુ ટુર્નામેન્ટમાં ફિલ્ડિંગ કરતી વખતે તેના જમણા હાથના અંગૂઠામાં મચકોડ આવી હતી. બીસીસીઆઈની મેડિકલ ટીમ તેની ઈજાનું મૂલ્યાંકન કરવાનું ચાલુ રાખી રહી છે અને આવતા અઠવાડિયે વધુ મૂલ્યાંકન બીજા રાઉન્ડ માટે તેની ઉપલબ્ધતા નક્કી કરશે. ફાસ્ટ બોલર પ્રસિદ્ધ ક્રિષ્ના તેના ડાબા ક્વાડ્રિસેપ્સ કંડરાની સર્જરી બાદ તેનું પુનર્વસન પૂર્ણ થવાના આરે છે અને તે દુલીપ ટ્રોફીની પ્રથમ રાઉન્ડની રમત ગુમાવશે. દરમિયાન, ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડીને રમવા માટે મંજૂરી આપવામાં આવી છે અને તે પસંદગી માટે ઉપલબ્ધ રહેશે.

દુલીપ ટ્રોફીના પ્રથમ રાઉન્ડ માટે અપડેટ કરાયેલી ટીમ નીચે મુજબ છે.

ભારત **A**: શુભમન ગિલ **(C)**, મયંક અગ્રવાલ, રિયાન પરાગ, ધ્રુવ જુરેલ **(WK)**, કેએલ રાહુલ, તિલક વર્મા, શિવમ દુબે, તનુષ કોટિયન, કુલદીપ યાદવ, આકાશ દીપ, ખલીલ અહેમદ, અવેશ ખાન, વિદ્વાથ કાવેરપ્પા, કુમાર કુશાગ્ર, શાસ્વત રાવત.

ભારત **B**: અભિમન્યુ ઈશ્વરન (ઝ), યશસ્વી જયસ્વાલ, સરફરાઝ ખાન, ઋષભ પંત **(WK)**, મુશીર ખાન, નીતિશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, નવદીપ સૈની, યશ દયાલ, મુકેશ કુમાર, રાહુલ ચાહર, આર સાઈ કિશોર, મોહિત અવસ્થી, એન જગદીસન **(WK)**

ભારત **C**: રુતુરાજ ગાયકવાડ **(C)**, સાંઈ સુદર્શન, રજત પાટીદાર, અભિષેક પોરેલ **(WK)**, બી ઈન્દ્રજીથ, ઋત્વિક શોકીન, માનવ સુથાર, ગૌરવ યાદવ, વૈશક વિજયકુમાર, અંશુલ ખંભોજ, હિમાંશુ ચૌહાણ, મયંક માર્કંડે, આર્યન જુવાન , સંદીપ વારિયર

ઈન્ડિયા ડી ટીમઃ શ્રેયસ લાયર **(C)**, અથર્વ તાઈડે, યશ દુબે, દેવદત્ત પડિકલ, રિકી ભુઈ, સરંશ જૈન, અક્ષર પટેલ, અર્શદીપ સિંહ, આદિત્ય ઠાકરે, હર્ષિત રાણા, તુષાર દેશપાંડે, આકાશ સેનગુપ્તા, કેએસ ભરત **(WK)**, સૌરભ કુમાર, સંજુ સેમસન **(WK)**વિકેટ-કીપર બેટર ઈશાન કિશન ચાલુ ઓલ-ઈન્ડિયા બૂચી બાબુ ટુર્નામેન્ટ દરમિયાન જંઘામૂળની ઈજાને કારણે દુલીપ ટ્રોફીના પ્રથમ રાઉન્ડમાંથી બહાર થઈ ગયો છે. બીસીસીઆઈની મેડિકલ ટીમ તેની સ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે અને ઝડપથી રિકવરી સુનિશ્ચિત કરવા માટે કામ કરી રહી છે.

પુરૂષોની પસંદગી સમિતિએ કિશનના સ્થાને ભારતીય ડી ટીમમાં સંજુ સેમસનને પસંદ કર્યો છે. બેટર સૂર્યકુમાર યાદવ પણ દુલીપ ટ્રોફીના પ્રથમ રાઉન્ડ માટે અનુપલબ્ધ રહેશે કારણ કે ઓલ-ઈન્ડિયા બૂચી બાબુ ટુર્નામેન્ટમાં ફિલ્ડિંગ કરતી વખતે તેના જમણા હાથના અંગૂઠામાં મચકોડ આવી હતી. બીસીસીઆઈની મેડિકલ ટીમ તેની ઈજાનું મૂલ્યાંકન કરવાનું ચાલુ રાખી રહી છે અને આવતા અઠવાડિયે વધુ મૂલ્યાંકન બીજા રાઉન્ડ માટે તેની ઉપલબ્ધતા નક્કી કરશે.

ફાસ્ટ બોલર પ્રસિદ્ધ ક્રિષ્ના તેના ડાબા ક્વાડ્રિસેપ્સ કંડરાની સર્જરી બાદ તેનું પુનર્વસન પૂર્ણ થવાના આરે છે અને તે દુલીપ ટ્રોફીની પ્રથમ રાઉન્ડની રમત ગુમાવશે.

દરમિયાન, ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડીને રમવા માટે મંજૂરી આપવામાં આવી છે અને તે પસંદગી માટે ઉપલબ્ધ રહેશે.

દુલીપ ટ્રોફીના પ્રથમ રાઉન્ડ માટે અપડેટ કરાયેલી ટીમ નીચે મુજબ છે.

ભારત **A**: શુભમન ગિલ **(C)**, મયંક અગ્રવાલ, રિયાન પરાગ, ધ્રુવ જુરેલ **(WK)**, કેએલ રાહુલ, તિલક વર્મા, શિવમ દુબે, તનુષ કોટિયન, કુલદીપ યાદવ, આકાશ દીપ, ખલીલ અહેમદ, અવેશ ખાન, વિદ્વાથ કાવેરપ્પા, કુમાર કુશાગ્ર, શાસ્વત રાવત.

ભારત **B**: અભિમન્યુ ઈશ્વરન **(C)**, યશસ્વી જયસ્વાલ, સરફરાઝ ખાન, ઋષભ પંત **(WK)**, મુશીર ખાન, નીતિશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, નવદીપ સૈની, યશ દયાલ, મુકેશ કુમાર, રાહુલ ચાહર, આર સાઈ કિશોર, મોહિત અવસ્થી, એન જગદીસન **(WK)**

ભારત **C**: રુતુરાજ ગાયકવાડ **(C)**, સાંઈ સુદર્શન, રજત પાટીદાર, અભિષેક પોરેલ **(WK)**, બી ઈન્દ્રજીથ, ઋત્વિક શોકીન, માનવ સુથાર, ગૌરવ યાદવ, વૈશક વિજયકુમાર, અંશુલ ખંભોજ, હિમાંશુ ચૌહાણ, મયંક માર્કંડે, આર્યન જુવાન , સંદીપ વારિયર

ઈન્ડિયા ડી ટીમઃ શ્રેયસ લાયર **(C)**, અથર્વ તાઈડે, યશ દુબે, દેવદત્ત પડિકલ, રિકી ભુઈ, સરંશ જૈન, અક્ષર પટેલ, અર્શદીપ સિંહ, આદિત્ય ઠાકરે, હર્ષિત રાણા, તુષાર દેશપાંડે, આકાશ સેનગુપ્તા, કેએસ ભરત **(WK)**, સૌરભ કુમાર, સંજુ સેમસન **(WK)**.

## ખંભાળિયામાં જિલ્લા કક્ષાના શિક્ષક દિનની ઉજવણી કરાઈ

# શ્રેષ્ઠ શિક્ષકો અને પ્રતિભાશાળી છાત્રોને પારિતોષિકથી સન્માનિત કરાયા






(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૬

સમગ્ર ભારતમાં દર વર્ષે ૫મી સપ્ટેમ્બરને શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે ખંભાળિયામાં ગઈકાલે ગુરુવારે જિલ્લા કક્ષાના શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

ખંભાળિયા ખાતે શિક્ષક દિનની ઉજવણીના કાર્યક્રમ અંતર્ગત જિલ્લા પંચાયતના પ્રમુખ રિદ્ધિબા શક્તિસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોને મહાનુભાવોના હસ્તે જિલ્લા તેમજ તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં જિલ્લા કક્ષાએ પ્રાથમિક શાળાના સલાયા વાઘેર વાસ તાલુકા શાળાના શિક્ષક નિકુંજકુમાર ડાયાભાઈ સવાણી, માધ્યમિક શાળાના કલ્યાણપુર મોડેલ સ્કૂલના શિક્ષક ગોપાલભાઈ હિરાભાઈ નકુમ અને સી.આર.સી. બી.આર.સી. કેળવણી નિરીક્ષક/ ૐ-છ્ આચાર્ય રોહિત જશવંતભાઈ ગોવિંદભાઈ (વાડીનાર વાડી શાળા)ને તેમજ તાલુકા કક્ષાએ માત્ર પ્રાથમિક શાળાના શિક્ષકોમાં દ્વારકા તાલુકાની શ્રી શામળાસર પ્રાથમિક શાળા પૂજા ભુપતભાઈ વિઠ્ઠલાણી, ગોકલપર પ્રાથમિક શાળાના કમલેશકુમાર ગોવિંદભાઈ સેતા અને કલ્યાણપુર તાલુકાના ગઢકા ગામની શ્રી લુહાર મોરી વાડી શાળા - ૪ ના શિક્ષક ચંદ્રેશ રણછોડભાઈ સાવલિયાને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યાએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, ૫ મી સપ્ટેમ્બરે સમગ્ર દેશમાં ''રાષ્ટ્રીય શિક્ષક દિન'' ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને શિક્ષણવિદ્ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે ઉજવવામાં આવે છે. શિક્ષક એ માત્ર એક શબ્દ નથી, પરંતુ એક વિશેષ વ્યક્તિ છે જે આપણને જીવનનો માર્ગ બતાવે છે. તે આપણને જ્ઞાન આપે છે, આપણને સારા નાગરિક બનવાનું શીખવે છે અને આપણને સફળ થવા માટે પ્રેરિત કરે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, બાળકોના ભવિષ્યનું ઘડતર કરનારા તમામ શિક્ષકોને વંદન કરું છું. અને આજના આ સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન બદલ જિલ્લા શિક્ષણ વિભાગની સમગ્ર ટીમને અભિનંદન પાઠવું છું.

આ સાથે જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના ચેરમેન જીતેન્દ્રભાઈ કણઝારીયાએ જણાવ્યું હતું કે, એક શિક્ષક સમાજના ઘડતર સાથે સમાજમાં બદલાવ પણ લાવી શકે છે. આવા અનેક ઉદાહરણો આપણી સમક્ષ છે. દરેક વિદ્યાર્થીના જીવનમાં શિક્ષકનો મહત્વનો ભાગ છે. એક શિક્ષક માત્ર પુસ્તકનું જ જ્ઞાન નથી આપતા પરંતુ સાચી દિશામાં આગળ વધવાનો રાહ પણ બતાવે છે. આજના દિવસે હું તમામ શિક્ષકોને વંદન કરું છું અને તમામને શિક્ષક દિનની શુભેચ્છા પાઠવું છું. જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીએ તેમના વકતવ્યમાં કહ્યું કે, ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને શિક્ષણવિદ્ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે ઉજવવામાં આવતા આ શિક્ષક દિન નિમિતે તમામ શિક્ષકોને શુભેચ્છા પાઠવું છું. આપણા જીવનમાં શિક્ષકોની ભૂમિકા અત્યંત મહત્વની છે. તેઓ આપણને માત્ર વિષયો જ નથી શીખવતા, પરંતુ આપણને જીવનના મૂલ્યો પણ શીખવે છે. તેઓ આપણને સારા નિર્ણયો લેવાનું શીખવે છે અને આપણને આપણી ભૂલોમાંથી શીખવાનું શીખવે છે. શિક્ષકો એક પ્રેરણાના સ્રોત છે. તેઓ શિક્ષણની સાથે સાથે સંસ્કારનું સિંચન કરે છે. નિત્તિમત્તાના પાઠ ભણાવે છે. અને બાળકને શ્રેષ્ઠ નાગરિક બનાવવામાં શિક્ષકની અમૂલ્ય ભૂમિકા છે.

ખંભાળિયામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૦૦ ટકા પરિણામ લાવનાર કે.જી.બી.વી.ના વોર્ડનનું સન્માન તેમજ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ કરનાર ૭ પ્રતિભાશાળી છાત્રોને તેમજ કોમન એન્ટરન્સ ટેસ્ટમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર ૮ પ્રતિભાશાળી છાત્રોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન જિલ્લા શિક્ષણાધિકારી ડો. હર્ષવર્ધન જાડેજા દ્વારા તેમજ આભારવિધી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મધુબેન ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી.

આ આયોજન દરમિયાન નગરપાલિકા પ્રમુખ રચનાબેન મોટાણી, જિલ્લા પંચાયતના સદસ્ય સંજયભાઈ નકુમ, લુણાભા સુમણીયા, પ્રતાપભાઈ પિંડારીયા, એભાભાઈ કરમુર, શક્તિસિંહ જાડેજા, અનિલભાઈ તન્ના, ઈન્દ્રજીતસિંહ પરમાર સહિત મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથ દાદાના પવિત્ર ધામમાં કેવડા ત્રીજ આગમનને પગલે ફુલબજાર કેવડામય બન્યું





## વરસમાં માત્ર એક જ વખત ભાદરવા સુદ ત્રીજ-કેવાડા ત્રીજે, મહાદેવને કેવડાના ફુલ-પાન અર્પણ કરાય છે : અભિષેક થાય છે

(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ-પાટણ તા.૬

ભાદરવા સુદ ત્રીજ એટલે હિન્દુ ધર્મનું સાંસ્કૃતિક-પરંપરાગત ધાર્મિક પર્વ એટલે કેવડા ત્રીજ. શિવપુરાણના રૂદ્ર સંહિતામાં શિવ-પાર્વતિ વિવાહ અને કેવડાના પુષ્પનો મહિમા વર્ણવાયો છે. કેવડા ત્રીજને હરિતાલીકા ત્રીજ પણ કહે છે. ભવિષ્યમાં પોતાના થનાર પરિવાર સારો અનજે લાંબુ આયુષ્ય મળે તેવી મંગળ પ્રાર્થના અને શિવભક્તિ પ્રાર્થના માટે ખાસ કરીને બહેનો દ્વારા આ વ્રત કરાય છે અને પુજા સાથે બહેનો શિવાલયોમાં કેવડા પુષ્પ અને પાન ચઢાવી-અભિષેક-પુજાઓ કરે છે. સોમનાથ શાક માર્કેટમાં આવેલી ફુલ બજારમાં કેવડાત્રીજને અનુલક્ષી કેવડા પાનનું આગમન થઈ ચુકેલ છે.

## ખંભાળિયાની ધી પ્રેસિડેન્ટ શાળાના નાના ભૂલકાઓ બન્યા શિક્ષક : ટીચર્સ ડેની કરાઈ શાનદાર ઉજવણી





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૬

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ નિમિત્તો સમગ્ર ભારતમાં શિક્ષક દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. ત્યારે ખંભાળિયાની ભગવદ્ ગીતાના જ્ઞાન સાથે શિક્ષણ આપતી જાણીતી "ધી પ્રેસિડેન્ટ સ્કૂલ" ખાતે ગુરૂવારે શિક્ષક દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. અહીં શિક્ષક બનીને આવેલા નાના ભૂલકાઓ શિક્ષકનું અદલ સ્વરૂપ લાગતા હતા. શાળાના સંસ્કારો અને મૂલ્ય આધારીત શિક્ષણે બાળકોને બેસ્ટ ટીચર્સ બનવા માટે સારી એવી ભૂમિકા ભજવી હતી. આ ક્યૂટ ટીચર્સ સમગ્ર શાળા પરિવાર અને વાલી મંડળ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. કેમ્પસના પ્રિન્સિપાલ ચંદુસરે તમામ બાળકોને શિક્ષક દિવસની શુભેચ્છાઓ આપી, આશીર્વાદ પાઠવ્યા હતા.

## વાવડી ગામે શિવજીની આરાધના કરતા ભાવિકો



સુત્રાપાડાના વાવડી ગામે સુખનાથ મહાદેવને સવાલાખ બીલીપત્ર પુજા તથા આખો મહિનો દાદાની શ્રધ્ધા પૂર્વક પુજન અર્ચન કરી અમાસના દિવસે સમસ્ત ગામ તરફથી થાળ ધરેલ અને શિવજીની આરાધના કરી ધન્યતા અનુભવી હતી. (તસ્વીર : ભોળા જાદવ)

# સુત્રાપાડાનાં લાટી ગામે સરકારી માધ્યમિક શાળાનો ધારાસભ્યનાં હસ્તે શુભારંભ



(જાદવ ભોળા દ્વારા) લોઢવા, તા. ૬

સુત્રાપાડા તાલુકાના લાટી ગામે તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જ મંજુર થયેલ સરકારી માધ્યમિક શાળા આજથી સરકારના પ્રતિનિધિ આ વિસ્તારના ધારાસભ્ય ભગવાનભાઈ બારડના હસ્તે શુભારંભ કરવા મા આવ્યો જેમાં જીલ્લા શિક્ષણ અધિકારીની ઓફીસ થી દવે સાહેબ તાલુકા ભાજપ પ્રમુખ પ્રતાપભાઈ બારડ, તાલુકા પંચાયતના સદસ્ય જશુભાઈ સોલંકી, પંકજભાઈ પંપાણીયા તાલુકા પંચાયતના અધિકારી ચાવડા પીજીવીસીએલ અધિકારી બારડ, સરકારી શાળાના આચાર્ય વાઢેર અને સરકાર શાળા સ્ટાફ લાટી ગામના સરપંચ નારણભાઈ સોલંકી ઉપસરપંચ વિજયભાઈ ગ્રામ પંચાયતના સભ્યો પુંજાભાઈ છાત્રોડીયા, ઉકાભાઈ, કીશન સોલંકી, કરશનભાઈ લાટી ગામના કોળી સમાજના પટેલ રમેશભાઈ ગામના આગેવાનો જશુભાઈ સોલંકી, રમેશભાઈ સોલંકી, સંદીપભાઈ છાત્રોડીયા, રમેશભાઈ છાત્રોડીયા, ગોવિંદભાઈ બારડ અને દરેક ગ્રામજનો ઉપસ્થિત રહેલ અને ગામ લોકોએ ખુશી વ્યક્ત કરેલ અને સરકાર અને ધારાસભ્યનો આભાર માનેલ હતો.

# ડો. હરિભાઈ ગોધાણી કેમ્પસ - જોષીપુરા, જૂનાગઢ ખાતે પોલીસ અધીક્ષક હર્ષદ મહેતાના અધ્યક્ષ સ્થાને શિક્ષકદિન ઉજવાયો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

ગત તારીખ ૫ મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ જૂનાગઢની નામાંકિત સંસ્થા એવી શ્રી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ડો. હરિભાઈ ગોધાણી કેમ્પસમાં પ્લે હાઉસથી લઈ પી.જી. સુધીના ડિગ્રી/ડિપ્લોમા કોર્ષ સાથે પ્રતિ વર્ષ પાંચ હજાર દિકરીઓનું જીવન ઘડતર થઈ રહ્યું છે ત્યારે ૫ મી સપ્ટેમ્બર ૨૦૨૪ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના ૧૩૬માં જન્મદિન નિમિતે કેમ્પસમાં પ્લે હાઉસના નાના બાળકોથી લઈ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનાર દીકરીઓ દ્વારા શિક્ષકદિનની જૂનાગઢના પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના અધ્યક્ષ સ્થાને રંગે સંગે ઉજવણી કરી હતી. આ તકે એસ.પી. હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે શિક્ષકદિન એ માત્ર એક દિવસ પૂરતો સીમિત નથી પરંતુ, જીવન સાથે જોડાયેલ એક સંકલ્પના છે અને દરેક આત્માની અંદર એક શિક્ષક રહેલો છે અને એક વિદ્યાર્થી પણ રહેલો છે. આ વિદ્યાર્થી જીવનથી સતત દશે દિશાએથી નવું નવું શીખવાનું અને નવું કંઈક પ્રાપ્ત કરવાનું, એટલે આ ગુરૂપરંપરા નિમિતે શાળા, મહાશાળામાંથી બહાર ગયા પછી પણ આપણી સાથે જોડાયેલી સંકલ્પના છે. માટે આપણે જે જગ્યાએથી કંઈક નવું પ્રાપ્ત થાય અને જેનાથી આપનું જીવન ઘડતર થયું હોય તેવા દરેક વ્યક્તિનું સન્માન જાળવીએ અને આ સંસ્થાને પણ હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું કે સાડા ચાર હજારથી વધારે દિકરીઓનું જીવન ઘડતર થઈ રહ્યું છે ત્યારે આ સંસ્થા સાથે જોડાયેલા તમામ વ્યક્તિને અભિનંદન પાઠવું છું. કે જે આ દિકરીઓના ઘડતરમાં સંસ્થાની જે ભૂમિકા રહેલી છે તે રાષ્ટ્રના હિતમાં છે, સમાજના હિતમાં છે, કારણકે અહીંથી જે દીકરીઓ ભણીને જશે તેમાંથી કોઈ ઉત્તમ ડોક્ટર બનશે, કોઈ ઉત્તમ વૈજ્ઞાનિક બનશે, કોઈ ઉત્તમ શિક્ષક બનશે કોઈ ઉત્તમ વિશ્લેષક તરીકે પણ પોતાની શક્તિ પ્રદાન કરશે. તો શિક્ષક દિન નિમિતે સૌને શુભેચ્છા પાઠવી હતી. તેમજ પી.આઈ. રીંકેશ પટેલ દ્વારા કારકિર્દી માર્ગદર્શનની સાથે વિદ્યાર્થીઓ નાબાલિક ઉંમરમાં ઘણીવાર ગુનાહિત કૃત્યનો ભોગ બનતા હોય છે. પરંતુ એક શ્રેષ્ઠ શિક્ષકનો એના જીવન ઘડતરમાં રોલ હોય તો આવા ગુના બનતા અટકાવી શકાય છે. જેનું વિશેષ માર્ગદર્શન આપેલું. તેમજ પી.આઈ. મિતુલ પટેલ દ્વારા શિક્ષણનું મહત્વ આપી કે વ્યક્તિના જીવનમાં એક શિક્ષક જ વિદ્યાર્થીને તેમના ઉચ્ચ લક્ષ્યાંક સુધી પહોંચાડે છે. અને એવા તમામ શિક્ષકોને વંદન પાઠવ્યા હતા. આ તકે બી ડિવિઝનના પી.આઇ. એચ.પી. ગઢવી મેડમે દીકરીઓ સાથે રૂબરૂ મુલાકાત કરી અને સલામતી માટે રૂબરૂ સંવાદ કર્યો હતો. આ તકે સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર તથા તમામ વિભાગના વડાશ્રીઓ અને વિદ્યાગુરૂશ્રીઓએ શિક્ષકદિનની સર્વેને શુભકામના પાઠવી હતી. તેમજ સંસ્થાના ચેરમેન મેનેજીંગ ટ્રસ્ટી જે.કે. ઠેસિયા દ્વારા આવનારા સમયને ધ્યાનમાં રાખી સમયની માંગ સાથે બદલાતા પરિબળોલક્ષી પ્રેક્ટિકલ શિક્ષણ ઉપર ભાર આપવા સર્વે શિક્ષકોને આહવાન કર્યું હતું અને ચાણક્યની પંક્તિને યાદ કરતાં શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય અને નિર્માણ જેમની ગોદમાં પાલન થાય છે

એટલેકે આજનો વિદ્યાર્થી એક રાષ્ટ્રનો નિર્માતા બને, સારો નાગરિક બને તેવો સંદેશ આપ્યો હતો. તેમજ આ કાર્યક્રમનું સંચાલન સંકુલના હોદ્દેદારઓ અને વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો.

# માણાવદર : વીમા કંપની પાસેથી રૂા. ૧૫ લાખનો કલેઈમ મેળવવા કાવતરૂ રચવા અંગે ત્રણ સામે ગુનો દાખલ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

માણાવદર પંથકમાં મોટર સાયકલ સવારને ખુંટીયો વચ્ચે પડતા અકસ્માત સર્જાયો હતો અને આ અંગે અકસ્માત મોતનો ગુનો પણ માણાવદર પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો દરમ્યાન આ બનાવમાં મૃત્યુ અંગે ખોટા પુરાવાઓ ઉભા કરીને કલેઈમ પાસ કરાવવા માટે કાવતરૂ કરવા અંગે ૩ શખ્સો વિરૂધ્ધ માણાવદર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા ચકચાર જાગી ઉઠી છે.

આ બનાવ અંગે પોલીસે આપેલી વિગતો અનુસાર ફરીયાદી મનોજભાઈ મોહનભાઈ શાહ (ઉ.વ.૪૯) રહે.અમદાવાદ ઠે.બી-૫૦૫ સુરેલ એપાર્ટમેન્ટ, પ્રેમચંદનગર રોડ, બોડકદેવવાળાએ વિજયભાઈ બાવનજીભાઈ ફુલેત્રા, જેન્તીભાઈ જીવરાજભાઈ મકવાણા, નીલેષભાઈ ભીખુભાઈ રહે.બધા માણાવદરવાળાઓ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આ કામના મરણ જનાર ભૌતિકકુમાર ચંદુલાલ કાથરોટીયા ઉવ.૧૯ રહે.માણાવદર વાળા ગઈ તા.૨૭/૦૭/૨૦૧૭ ના રોજ પોતાની મોટર સાયકલ લઈને જતા હતા ત્યારે બાંટવા રોડ ક્રીષ્ના હોટેલ બાજુમાં તેને ખુટીયો વચ્ચે પડતા અકસ્માત થયેલ અને ઈજા થયેલાનુ જાહેરાત થયેલ જે અંગે માણાવદર પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત રજી. નં-૨૧/૨૦૧૭ સીઆરપીસી કલમ ૧૭૪ મુજબ તા.૩૧/૦૭/૨૦૧૭ના રોજ દાખલ થયેલ બાદ આ કામે આરોપીઓએ ગુનાહીત કાવતરૂ ઘડી આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યુરન્સ કંપની લીમીટેડ પાસે રૂ.૧૫,૦૦૦૦૦/- (પંદર લાખ) નો કલેઈમ મેળવવા આરોપી વિજયભાઈ ફુલેત્રાએ માણાવદર પોલીસ સ્ટેશનમાં ખોટી માહીતી આપી આરોપી જેન્તીભાઈ મકવાણાને ખોટા ડ્રાઈવર ઉભો કરી તેમજ આરોપી નીલેષભાઈ ભીખુભાઈને ખોટા સાહેદ તરીકે રાખી માણાવદર પોલીસ સ્ટેશન સ્ટેશન ખાતે ગુના નં. ફ.૪૩/૨૦૧૭ ઈ.પી.કો.ક. ૨૭૯, ૩૦૪-અ એમ.વી.એ.ક. ૧૭૭, ૧૮૪ મુજબ ગુન્હો તા.૦૮/૦૮/૨૦૧૭ના રોજ નોંધાવી ગુન્હો કર્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ માણાવદર પીઆઈ ડી.આર. પારગીએ હાથ ધરી છે.

# ખંભાળિયામાં મેઘરાજાનો અવિરત મુકામ : વધુ દોઢ ઈંચ વરસાદ ખાબક્યો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

સમગ્ર રાજ્યમાં ખંભાળિયા તાલુકા સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારે વરસાદના કારણે ચર્ચામાં છે. ત્યારે ગઈકાલે ગુરુવારે પણ મેઘરાજાએ તેમની અવિરત રીતે ઈનિંગ જાળવી રાખીને સાંજ સુધીમાં વધુ દોઢ ઈંચ પાણી વરસાવી દીધું છે. ખંભાળિયા પંથકમાં ગઈકાલે પણ આખો દિવસ વરસાદી માહોલ વચ્ચે ભારે ઝાપટાનો દૌર કરી રહ્યો હતો. જેમાં ખાસ કરીને બપોરે એકાદ વાગ્યાના સમયે ધોધમાર એક ઈંચ વરસાદ પછી પણ વરસાદી ઝાપટા જારી રહેતા સાંજ સુધીમાં ૩૭ મી.મી. પાણી વરસી જવા પામ્યું છે. આ સાથે ખંભાળિયા તાલુકામાં મોસમનો કુલ વરસાદ ૨૨૨૨ મી.મી (૮૯ ઈંચ) થવા પામ્યો છે. જિલ્લામાં સૌથી વધુ ખંભાળિયા તાલુકાના વરસાદથી જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે અને હવે વરસાદી બ્રેક આવે તેમ સૌ કોઈ ઈચ્છી રહ્યા છે. જિલ્લાના અન્ય વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો નથી. દ્વારકામાં મોસમનો કુલ વરસાદ ૨૧૯૯ મી.મી. (૮૮ ઈંચ), કલ્યાણપુરમાં ૧૯૫૨ મી.મી. (૭૮ ઈંચ) અને ભાણવડમાં ૧૪૨૯ મી.મી. (૫૭ ઈંચ) થવા પામ્યો છે.

# જૂનાગઢ પંથકમાંથી રેતીની ચોરી કરવા અંગે મદદ કરવા અંગે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ જીલ્લાના બીલખા નજીક ચોરવાડી ગામના પાટીયા પાસે બનેલા એક બનાવમાં ખનીજ ચોરી એટલે કે રેતીની ચોરી કરવા અંગે આરોપીઓને મદદગારી કરવા અંગે ગુનો દાખલ થયો છે.

આ બનાવ અંગે પોલીસે આપેલી વિગતો અનુસાર ખાણ ખનીજ વિભાગના વિજયભાઈ ભાવસિંગભાઈ ડોડીયા(ઉ.વ.૨૮) રહે.મીરાનગરવાળાએ આ બનાવ અંગે વાહન ડ્રાઈવર સુભાષ બુધ્ધીલાલ સોલંકી રહે.તોરણીયા તા.જી. જૂનાગઢ ડ્રાઈવરના જણાવ્યા મૂજબ ટ્રેકટરના માલિક રાજુભાઈ મયાત્રા રહે.થુંબાળા આર.સી.બૂક મૂજબ ટ્રેકટરના માલિક વનરાજ હમીરભાઈ લાવડીયા રહે.થુંબાળા આર.સી.બૂક મૂજબ ટ્રોલીના માલિક ભુપત ભીમાભાઈ ચાવડા રહે.થુંબાળા, મોબાઈલ નંબર ૮૧૬૦૯૬૨૩૯૬, દિનેશ ભરવાડ મો.નં.૮૯૮૦૧૭૪૪૨૨, લખન ૨ બ ા ૨ ી - ૯ ૬ ૯ ૬ મો.નં.૯૭૨૬૭૯૪૫૦૭ તેમજ તપાસમાં ખુલ્લે તે તમામ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી રાજુભાઈ મયાત્રાએ પોતાના હવાલાનુ ટ્રેક્ટર નં. જીજે ૧૧ બીઆર ૫૦૫૩ તથા ટ્રોલી સાથે આરોપી બુધ્ધીલાલ સોલંકીએ ટ્રેક્ટર ટ્રોલીમા પાસ પરમીટ વગર ૫.૦૦ મે.ટન સાદી રેતી ખનિજ કિ.રૂ. આશરે ૨૫૦૦૦/- ની ચોરી કરી આ રેતી ચોરીમા આરોપી હમીર લાવડીયાએ પોતાનુ ટ્રેક્ટર તથા આરોપી ભીમાભાઈ ચાવડાએ પોતાની ટ્રોલી આરોપી બુધ્ધીલાલ સોલંકી અને રાજુભાઈ મયાત્રાને ગેરકાયદેસર ચોરી કરેલ ખનીજના વહન કરવા માટે ઉપયોગમા આપી મદદગારી કરી તથા મોબાઈલમાં વોટ્સઅપ ગ્રુપમા ફીલ્ડમા નિકળનારની સરકારી એજન્સીઓની હરકત બાબતે વોચ રાખી વોટસએપ ગૃપમાં માહીતી આપી એડમીનોએ આરોપીઓ સાથે મદદગારી કરી રાજયસેવકની ન્યાયીક કાર્યવાહીમા વિક્ષેપ કરી ગુનો કર્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ ડોડીયાએ હાથ ધરી છે.

# ખંભાળિયાની જાણીતી શૈક્ષણિક સંસ્થા એસ.એન.ડી.ટી. શાળા ખાતે શિક્ષક દિનની ભાવભરી ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયાની જાણીતી સંસ્થા સંસ્કાર એજયુકેશન ટ્રસ્ટની તમામ અગિયાર શાળાઓ અને પાંચ કોલેજો દ્વારા તા. ૫ સપ્ટેમ્બરના રોજ પૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિને શિક્ષકદિનની ઉજવણી વિદ્યાર્થીઓ દ્વારા સ્વયં શિક્ષણ આપી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ આચાર્ય, શિક્ષકો કલાર્ક અને સાથી મિત્રોની ભૂમિકા બખૂબી ભજવેલી જેમાં ગુરુજનોનું માર્ગદર્શન સાંપળ્યું હતું. શિક્ષક દિનની ઉજવણી દ્વારા પૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા ઉપરાંત વિદ્યાર્થીઓમાં ટીચિંગ પાવર, માસ કોમ્યુનિકેશન (સમૂહ સંચાર), અને પબ્લિક સ્પીકિંગ સ્કિલ ડેવલપ થાય છે, અને સ્ટેજ ફિયર દૂર થાય છે. તેવા પ્રતિભાવો સાથે સંસ્થા દ્વારા ભાગ લેનારા વિદ્યાર્થીઓને અલ્પાહાર અને ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્ય મંદિરના ચેરમેન પી.પી. સ્વામીનો જન્મદિવસ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર રાધારમણદેવ ટેમ્પલ બોડના ચેરમેન પુ. પુરૂષોતમપ્રકાશદાસજી (પીપી સ્વામી)નો આજે જન્મદિવસ છે. મંદિરમાં અનેક વિકાસ કાર્યો જેમની દેખરેખ હેઠળ ચાલી રહ્યા છે. જેમાં મુખ્ય મંદિરનો જીણોધ્ધાર તેમજ આરસથી મઢવાનું કામ, મુખ્ય પ્રવેશદ્વારનું નિર્માણ નૂતન ભોજનાલય નિર્માણ કાર્ય વગેરે કામો હાથ ધરવામાં આવેલ છે અને ખુબ ઝડપથી આ વિકાસ કામો પૂર્ણ કરવા કટીબધ્ધ છે. તેવા પીપી સ્વામી આજે ૪૯ વર્ષ પુર્ણ કરી ૫૦માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે. ત્યારે સંતો અને હરિભકોત મો.નં.૯૮૭૦૦૧૨૦૭૨ ઉપર અભિનંદન પાઠવી રહ્યા છે.

# જેડીસીસી બેંકના જુનિયર ઓફિસર-સ્પોર્ટસમેન અને આશાસ્પદ યુવાન સમીરભાઈ શેખનું દુઃખદ નિધન થતાં આઘાતની લાગણી

જૂનાગઢ તા.૬

જૂનાગઢ શહેરમાં ઢાલરોડ મદાર ફળીયા ખાતે નિવાસ સ્થાન ધરાવતા આશાસ્પદ યુવાન અને જે.ડી.સી.સી. બેંકના જુનિયર ઓફિસર સમીરભાઈ અમીનભાઈ શેખ (ઉ.વ.૩૧)નું અકસ્માતે દુઃખદ નિધન થતાં તેમના પરિવારજનો અને વિશાળ મિત્રમંડળમાં દુઃખ સાથે આઘાતની લાગણી વ્યાપી ગઈ છે. જે.ડી.સી.સી. બેંકના જુનિયર ઓફિસર સમીર શેખ એક પ્રતિભાશાળી ક્રિકેટર પણ હતા અને અનેક ટ્રોફિઓ મેળવેલ હતી.



સમીરભાઈ શેખની અમદાવાદ-ગાંધીનગર ખાતે ત્રણ દિવસની ટ્રેનિંગ હતી તે દરમ્યાન ગત તા.૩-૯-૨૦૨૪ ના રોજ સમીરભાઈ શેખ ગાંધીનગરથી અમદાવાદ આવી રહ્યા હતા ત્યારે અડાલજ-ઉવારસદ બ્રીજ ખાતે ટ્રક નં. જીજે-૦૧-એયુ-૪૩૮૦ના ચાલકે પુરપાટ ઝડપે બેફીકરાઈથી ટ્રક ચલાવી સમીરભાઈ અને તેની સાથેના ઉબેર બાઈકના ચાલક અલ્પેશ રાજુભાઈ ઠાકોરને અડફેટે લઈ બન્ને બાઈક સવારોને ઈજા પહોંચાડતા સમીરભાઈનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યું થયું હતું. આ બનાવ અંગે અડાજલ પોલીસ સ્ટેશન ગાંધીનગર ખાતે ફરિયાદ નોંધાવવામાં આવી છે. આમ અકસ્માતની ઘટનામાં જૂનાગઢના આશાસ્પદ યુવાન સમીરભાઈ શેખનું મૃત્યું થતાં તેમના વિશાળ ચાહકવર્ગ અને મિત્ર મંડળ અને કુટુંબીજનોમાં ભારે આઘાતની લાગણી વ્યાપી ગઈ છે. જૂનાગઢ શહેર નજીક આવેલ જે.ડી.સી.સી. બેંકની મહોબતપુરા બ્રાન્ચમાં તેઓ ફરજ બજાવતા હતા. તેમના નિધનથી જૂનાગઢ શહેરના આગેવાનો, સહકારી ક્ષેત્રના વરિષ્ઠ અગ્રણી અને ખેતી બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચા, અમીન ગૃપના ભાણાભાઈ, ભૂતપૂર્વ કોર્પોરેટરો રજાકભાઈ હાલા, એસ.આઈ. બુખારીબાપુ, અદ્રેમાનભાઈ પંજા, ઈબ્રાહીમભાઈ કુરેશી, મુન્નાબાપુ, લતીફબાપુ તેમજ આ વિસ્તારના સામાજીક, રાજકીય અગ્રણીઓએ સમીરભાઈના પિતા અમીનભાઈ શેખ અને તેમના પરિવારજનોને સાંત્વના પાઠવી દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. મૃતકના પિતા અમીનભાઈ શેખ અને તેમના દાદા સ્વ.મોહમદભાઈ શેખ પણ સમાજ સેવા સાથે જોડાયેલા છે. સમીરભાઈ શેખ તેમની પાછળ તેમના માતા-પિતા, પત્ની અને બે માસુમ પુત્રોને વિલાપ કરતા છોડી ગયા છે.

# કાલે જૂનાગઢમાં સાંસદ રાજેશ ચુડાસમા અને સીનીયર કાઉન્સીલર નિરૂપમભાઈ નાણાવટીનો સન્માન સમારોહ

(વિનુભાઈ જોષી દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ હાટકેશ તબીબી ચિકિત્સા કેન્દ્ર સાથે સતત સંલગ્ન અને વિકાસની ખેવના રાખનાર બે મહાનુભાવો સાંસદ રાજેશભાઈ ચુડાસમા તથા અમદાવાદના સિનિયર કાઉન્સેલર નિરૂપમભાઈ નાણાવટીનો સન્માન સમારોહ તેમજ જૂનાગઢના પનોતા પુત્ર ડો.શરદ ઠાકરનું ડો ની ડાયરી અને રણમાં ખિલ્યું ગુલાબના લેખક વ્યાખનનો કાર્યક્રમ તા.૭ ને શનિવારે સાંજે ૬ કલાકે લોઢીયા વાડી જલારામ સોસાયટી, જૂનાગઢ ખાતે યોજાનાર છે.

જેમાં અધ્યક્ષ સ્થાને ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા તેમજ મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા, પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, ગુજરાત ખેતી વિકાસ બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચા, પૂર્વ ડે.મેયર ગિરીશ કોટેચા, હરીશભાઈ દેસાઈ, હેમંતભાઈ નાણાવટી સહિતના ઉપસ્થિત રહેશે. કાર્યક્રમને સફળ બનાવવા કલ્પિત નાણાવટી, ડો.બકુલ બુચ, ઈકબાલ મારફતીયા, ડો.ડી.પી. ચીખલીયા, જશુકાન્ત વસાવડા, ડો.પી.જે. બુચ, ડો.ઉર્વિશ વસાવડા, ડો.જગદિશ દેસાઈ સહિતના જહેમત ઉઠાવી રહ્યા છે.

# અન્ડર-૧૧ સ્વીમીંગ ચેમ્પીયનશીપમાં ક્રિસ્ટલ સ્કુલનો વિદ્યાર્થી પ્રથમ



જામનગર તા. ૬

નેશનલ સ્પોર્ટસ ડે નિમિત્તે રાજકોટ ખાતે મેજર ધ્યાનચંદ સ્વીમીંગ ચેમ્પીયનશીપનું ક્રીડાભારતી ગુજરાત દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં રાજકોટની શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ક્રિસ્ટલ સ્કુલ્સના ધો.૪ માં અભ્યાસ કરતા યાદવ ધ્યેય શ્રેષ્ઠ પ્રદર્શન કરી ૫૦ મીટર બ્રેસસ્ટોકમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. આ તકે શાળાના ચેરમેન રણજીતએ ધ્યેય તથા તેના માતા પિતાને અભિનંદન પાઠવ્યા હતા.

# ઊનાના સીમર ગામની માધ્યમિક શાળા ખો-ખો સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ વિજેતા બની



ઊના તા. ૬

ઊના તાલુકાના સીમર ગામે સોરઠ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અંડર ૧૭ ખોખો સ્પર્ધા ગીર સોમનાથ જિલ્લા કક્ષાની સુત્રાપાડા ગામે વિવેકાનંદ વિનય મંદિર મુકામે યોજાઈ હતી જેમાં સીમર ગામની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ટીમ જિલ્લા કક્ષાએ વિજેતા બની હતી.

આગમી દિવસોમાં રાજ્ય કક્ષા એ ભાગ લેવા જતા ટ્રસ્ટના પ્રમુખ કાનાભાઈ રામ, શાળાના આચાર્ય અભયસિહ પરમાર અને કોચ પરેશભાઈ લાખનોત્રા અને શાળાના સ્ટાફ પરિવારે અભિનંદન સાથે શુભ કામનાઓ આપી હતી.

# ઉનાની મહિલા આર્ટસ કોલેજ ખાતે શિક્ષક દિનની ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૬

૫ મી સપ્ટેમ્બર શિક્ષક દિન નિમિત્તે ઉના તાલુકા કેળવણી મંડળ સંચાલિત મહિલા આર્ટસ કોલેજ ખાતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજની દિકરીઓએ શિક્ષક બની સહ અધ્યાયી બહેનોને શિક્ષણના પાઠ ભણાવ્યા હતા. શિક્ષક દિનની ઉજવણીમાં સહભાગી થનાર તમામ દિકરીઓને મહિલા કોલેજ પરિવારે ખુબ-ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

# માંગરોળ એસ.એસ. સ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૬

ભારત દેશના બીજા રાષ્ટ્રપતિ ડોકટર સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ દિવસ જેની ભારતમાં શિક્ષક દીવસ તરીકે ઊજવણી કરવામાં આવે છે, જે અંતર્ગત એસ.એસ. એજ્યુકેશનલ એકેડેમી દ્વારા શાળાના બાળકો દ્વારા એક દિવસ માટે શિક્ષકની અદભુત ભૂમિકા ભજવી હતી. શાળા સ્ટાફના માર્ગદર્શન હેઠળ બાળ શિક્ષકોએ ઉમદા કામગીરી કરી હતી. સંચાલક ઉસ્માન ભટ્ટુ તેમજ ઊબેદ જાડલા દ્વારા બાળ શિક્ષકોનું મોનીટરીંગ કરી પ્રથમ દ્વિતિય અને તૃતીય નંબર આપવામા આવ્યા હતાં. આ તકે માંગરોળની રાજકુમારી અકીલા મેડમ શેખની વિશેષ ઉપસ્થિત રહી હતી.

તહેવાર નિમિતે

માંગરોળનો પ્રખ્યાત લીલા નાળિયેરનો હલવો

બે પેકેટની ખરીદી પર ૧ પેકેટ ફ્રી

માંગરોળનો પ્રખ્યાત લીલા નાળિયેરનો હલવો ખાદીમ પાક આગામી પવિત્ર તહેવારો ગણેશ ચતુર્થિ, ઈદે મીલાદ, દશેરા તેમજ દિવાળી પર ખાસ ઓફર

તહેવાર દિવસ પુરતી ૨૫૦/૫૦૦ તથા ૧ કિલોનાં બે પેકેટની ખરીદી પર ૧ પેકેટ ફ્રી આપવામાં આવશે

આર. કે. હલવાવાળા

ચીત્તાખાના રોડ, ગાંધી ચોક પાસે, જૂનાગઢ

મો. ૯૮૨૪૮ ૧૩૭૩૫

### ગત મોડી રાત્રે જૂનાગઢ-પોરબંદર હાઈ-વે પર બાંટવાના પાજોદ નજીક બનેલી ઘટના

# અમદાવાદના બે સેલ્સમેન પાસેથી ૨.૫ કિલો સોનું, ૫ કિલો ચાંદી અને રૂા.૨.૫ લાખની રોકડની છરીની અણીએ સનસનીખેજ લૂંટ

જૂનાગઢ તા.૬

જૂનાગઢ-પોરબંદર હાઈ-વે પર ગત મોડી રાત્રે બાંટવાના પાજોદ ગામ નજીક અમદાવાદના બે સેલ્સમેન પાસેથી બે લુંટારૂઓ સોનું-ચાંદી અને રોકડ લૂંટી ગયાના બનાવના પગલે ભારે સનસનાટી મચી જવા પામી છે. મોડી રાત્રે અમદાવાદના બે સેલ્સમેનને છરીની અણીએ અને ઢીકાપાટુનો માર મારી, કુતિયાણા તરફથી આવતા ત્રણ લૂંટારૂઓ અઢી કિલો સોનુ, પાંચ કિલો ચાંદી અને ૨.૫ લાખ રોકડની લૂંટ ચલાવી નાસી છુટયા હતા. આ બનાવની જાણ પોલીસને થતાં જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા અને પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને મોડી રાત્રી સુધી તપાસનો ધમધમાટ રહ્યો હતો. લૂંટારૂઓને ઝડપી લેવા નાકાબંધી પણ કરવામાં આવી હતી અને લૂંટારાઓનું પગેરૂ મેળવવા પોલીસ ચક્રો ગતિમાન કરવામાં આવ્યું છે.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગત મુજબ અમદાવાદના માણેકચોકમાં આવેલી કલા ગોલ્ડ ફેક્ટરીના સેલ્સમેન ધર્મેન્દ્ર જોશી અને ધનરાજ ભાંગડે કુતિયાણા તરફથી પોતાનું ફોર વ્હીલર લઈ સોમનાથ તરફ જતા હતા તે સમયે બાંટવા-કુતિયાણા રોડ પર પોતાની કારમાં પંચર પડતા આ બંને સેલ્સમેન ઊભા હતા. ત્યારે અચાનક જ બાઈક પર આવી એક વ્યક્તિએ આ સેલ્સમેન સાથે અપશબ્દો બોલી માથાકૂટ શરૂ કરી હતી. ત્યારે જોતજોતામાં અચાનક જ બે અન્ય ઈસમો આવી છરી બતાવી માર મારીને કારમાંથી અઢી કિલો સોનું, પાંચ કિલો ચાંદી અને ૨.૫૦ લાખ રોકડ અને સેલ્સમેના મોબાઈલ મળી કુલ ૧ કરોડ ૧૫ લાખ ૮૨ હજારનો મુદ્દામાલ લૂંટી ગયા હતા.

આ સમગ્ર ઘટનાની જાણ જૂનાગઢ એસપી એસપી હર્ષદ મહેતાને થતાં લોકલ ક્રાઈમ,બ્રાન્ચ, એસઓજી સહિતનો કાફલો પહોંચ્યો હતો અને સઘન તપાસ હાથ ધરી ત્યારે પોલીસે આ લૂંટારોઓને પકડવા નાકાબંધી કરી ત્યારે પોલીસને તપાસ કરતા બાવળના ઝાડી-ઝાંખરામાંથી મોબાઈલ મળી આવ્યા હતા. હાલ પોલીસે આ લૂંટારુઓ કઈ દિશામાં ફરાર થયા છે. એ દિશામાં તપાસ હાથ ધરી છે.

આ મામલે ડીવાયએસપી બીસી ઠક્કર સાથે વાત કરતા તેમને જણાવ્યું હતું કે, અમદાવાદના બે સેલ્સમેન કુતિયાણાથી સોમનાથ તરફ જતા હતા, ત્યારે પાજોદ બાંટવા રોડ તરફ પહોંચતા એક લૂંટની ઘટના બની હતી. અમદાવાદના સોની વેપારીને ત્યાં સેલ્સમેનનું કામ કરતા યાજ્ઞિક જોશીએ જણાવ્યું હતું કે, બંને સેલ્સમેન જ્યારે કુતિયાણા તરફથી સોમનાથ તરફ જતા હતા. ત્યારે પાજોદ નજીક એક વ્યક્તિએ આવી તેમની સાથે માથાકૂટ કરી હતી અને બાદમાં અન્ય બે વ્યક્તિઓએ આવી તેની પાસે રહેલું અઢી કિલો સોનું, ૫ ચાંદી અને રોકડ અઢી લાખ રૂપિયા લઈ ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર મામલે સેલ્સમેને જણાવ્યા મુજબ બાંટવા પોલીસે ત્રણ અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ લૂંટ પહેલાના સીસીટીવી પણ સામે આવ્યા છે. જેમાં લૂંટનો ભોગ બનેલા બંને સેલ્સમેન માણાવદરમાં સોનીની દુકાનમાં માલની ડિલિવરી કરતા નજરે પડે છે. જે ગતરોજ ૪.૩૦ વાગ્યે સોનીની દુકાનમાં ડિલિવરી આપી કુતિયાણા ગયા હતા, જ્યાંથી પરત ફરતી વેળાએ લૂંટની ઘટના બની હતી.

### ગેરકાયદે વોંકળાનાં દબાણોએ સર્જેલી તારાજીને પગલે

# જૂનાગઢ સહિત વિવિધ શહેરોમાં પાણીનાં વહેણને અવરોધતા બાંધકામોને તોડી પાડવા સરકાર કટીબધ્ધ



## ચોમાસામાં પુરની સ્થિતિ ન સર્જાય તે માટે પાણી પહેલા પાળ બાંધવા નવો કાયદો આવશે

જૂનાગઢ તા.૬

ચોમાસા દરમ્યાન ભારે વરસાદને પગલે અનેક શહેરોમાં પાણી ભરાવાની સમસ્યા ઉભી થઈ અને દિવસો સુધી પાણી ઓસર્યા ન હોવાનાં બનાવને પગલે ગુજરાત સરકાર સફાળી જાગી ઉઠી છે અને આવા બનાવોની ગંભીર નોંધ લઈ આવવા તૈયારી હાથ ધરી છે. અને નવા કાયદામાં પાણીનાં વહેણને અવરોધે તેવા બાંધકામો કે રસ્તાને મંજુરી નહીં આપવા અને પાણીનાં વહેણને અવરોધતા બાંધકામો પણ તોડી અને દુર કરવાનો નિર્ણય લેવામાં આવશે. સરકાર દ્વારા તોળાઈ રહેલા આકરા પગલાને કારણે જૂનાગઢ સહિત રાજયનાં વિવિધ શહેરોમાં જયાં પણ પાણીને અવરોધતા બાંધકામો હશે તેને તોડી પાડવાનાં દિવસો હવે દુર નથી અને જેના કારણે જે શહેરોમાં ગેરકાયદે દબાણો દ્વારા બાંધકામ કરી અને ખડકી દેવાયેલી ઈમારતોના ભવિષ્ય ઉપર પ્રશ્નાર્થ લાગી ગયો છે અને આગામી દિવસોમાં આવનારા નવા કાયદાની અમલવારી કડક રીતે થાય તો જૂનાગઢ શહેરમાં પણ અનેક ગેરકાયદે બાંધકામોને અસર પહોંચવાની છે અને આવા બાંધકામોનું અસ્તિત્વ જોખમમાં આવી જવાનું છે. કલમના એક જ ઝાટકે વિવિધ શહેરોનાં કથિત ગેરકાયદે બાંધકામો પતાના મહેલની માફક કડડભુસ થઈ જવાનાં છે. ગત વર્ષો ચોમાસા દરમ્યાન ભારે વરસાદનાં પાણી જૂનાગઢવાસીઓનાં ઘરમાં ઘુસી ગયા હતા અને ભારે તારાજી સર્જી હતી. જૂનાગઢમાં પુર પ્રલય થવાનાં કારણોમાં વોકળા ઉપરના ગેરકાયદેસર બાંધકામોનાં દબાણોને ગણવામાં આવ્યા હતા અને આ બાબત 'સત્ય' છે જ. અને જૂનાગઢવાસીઓ સારી પેઠે જાણે છે કે આ દબાણો કોના છે ? અને સરકાર પણ જાણે જ છે પરંતુ લોકોની વ્યાપક ફરીયાદો હોવા છતાં આવા ગેરકાયદે દબાણોને જૂનાગઢ મનપાનાં સત્તાધિશો દુર કરી શકયા નથી કે કર્યા નથી એ પણ નકકર હકીકત છે. તેનો કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી દરમ્યાન આ વર્ષે પણ ભારે ચોમાસું રહયું છે ત્યારે રાજયનાં અન્ય શહેરો વડોદરા, અમદાવાદ અને જામનગરમાં ભારે વરસાદને કારણે પુરનાં પાણી લોકોનાં ઘરમાં ઘુસી ગયા અને કેટલાય દિવસો સુધી પાણીનાં પુર ઓસર્યા નહી અને જેને લઈને વિવિધ શહેરોનાં લોકોમાં ભારેલો અગ્નિ વ્યાપી ગયો હતો અને લોકોએ ભારે રોષ વ્યકત કરેલ છે દરમ્યાન સરકાર આ બાબતે ચોકી ઉઠી અને ગંભીર નોંધ લઈ એક બાબતનું તારણ સામે આવ્યું કે વરસાદના પાણીએ તારાજી સર્જી છે અને લોકોનાં ઘર સુધી પાણી પહોંચી ગયા અને પુર જેવી સ્થિતી સર્જાણી છે. તેના કારણમાં એટલું જ સત્ય લાવ્યું કે પાણી ભરાવાનું કારણ અને પુર ન ઉતરવાનું કારણ પાણીના વહેણને અવરોધતા બાંધકામોને ગણ્યા છે અને વોકળા કાંઠે, નદીઓના કાંઠે કે પાણીનાં વહેણને અટકાવતા રસ્તાઓ અને બાંધકામોને હટાવવા માટે સરકાર તત્પર બની છે. અને નવા કાયદાનું માળખું ઘડી નવી ટીપી સ્કીમને અમલમાં લાવનાર છે. એટલું જ નહી પાણીના વહેણને અવરોધતા બાંધકામોને મંજુરી ન આપવી કે તેવા બાંધકામોને નિયમીત ન કરવા તેવો નિર્ણય કરવામાં આવ્યો છે અને ટુંક સમયમાં નવા કાયદાની રેખા ખેંચી અને તેની અમલવારી માટે તૈયારી કરવામાં પડી ગયેલ છે. આ નવા કાયદાને લઈને હવે પાણીના વહેણને અવરોધતા બાંધકામો હવે પતાનાં મહેલની માફક તોડી પડાશે તેમજ ગેરકાયદે બાંધકામો કરનારા સામે પણ કડક કાર્યવાહીનાં નિર્દેશો મળે છે.

### બોલો... ગણપતી બાપા મોર્યા

# આવતીકાલે ગણેશ ચતુર્થી : જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં ગણપતી ઉત્સવની ઉજવણીનો પ્રારંભ થશે



## જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં મંડપો(પંડાલ)ઉભા કરી ગણપતી ઉત્સવ ઉજવવા તૈયારી : લોકોમાં ભારે

જૂનાગઢ તા.૬

ભગવાન ગણેશજીની સવારી આવી પહોંચી છે. આવતીકાલે શનીવારે ગણેશ ચતુર્થીનાં પાવનકારી અવસર સાથે જ ગણપતી ઉત્સવનો ભક્તિભાવ પુર્વક પ્રારંભ થશે અને આ અવસરને ભવ્ય રીતે ઉજવવા લોકોમાં ઉત્સાહ જોવા મળે છે.

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં ગણપતી ઉત્સવ ઉજવવા માટે તડામાર તૈયારી ચાલી રહી છે અને વિવિધ કાર્યક્રમોના આયોજનોને ઓપ આપવામાં આવી રહી છે.

ભારત દેશ એટલે તહેવારોનો દેશ ગણાય છે અને આ તહેવારોની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવે છે. શ્રાવણ માસની પુર્ણાહુતી થયા બાદ ભાદરવા માસનો પ્રારંભ થયો છે. આ માસનાં પ્રારંભ થયા બાદ વિઘ્નહર્તા દેવ ભગવાન ગણેશજીની પુજા, અર્ચના અને આરાધના માટેનો અવસર એટલે ગણેશ ચતુર્થીનો પ્રારંભ થતો હોવાથી ગણપતી ઉત્સવ દર વર્ષે ભારે ઉત્સાહભેર ઉજવવામાં આવે છે. હિન્દુ ધર્મમાં ભગવાન ગણેશજીનું સ્થાન આગવું અને ખુબ જ મહત્વ ધરાવતું છે. માતા પાર્વતી અને ભગવાન શિવજીનાં પુત્ર ભગવાન ગણેશને ભોળાનાથે વરદાન આપેલ હોય અને જેના કારણે કોઈપણ શુભકાર્યો પહેલા ભગવાન ગણેશજીની સ્થાપના અને પુજન કરવામાં આવે છે. રિધ્ધી સિધ્ધીનાં દાતા અને વિઘ્નહર્તા દેવ ભગવાન ગણેશજીને ચુરમાનાં લાડુનો પ્રસાદ ધરાવામાં આવે છે.

ગણેશજીનાં મંદિરોમાં દર મંગળવારે ભાવિકોનો પ્રવાહ દર્શનાર્થે ઉમટી પડે છે અને ભગવાન ગણેશજીની ભાવપુર્વક પુજા કરાય છે. જૂનાગઢ શહેરમાં ઈગલ ખાતે આવેલા ગણેશજીના દર્શનાર્થે ભાવિકો દુર દુરથી આવે છે. જયારે ધાર્મિક સ્થળોએ આવેલા ભગવાન ગણેશજીનાં મંદિરોમાં પણ ભાવિકો દર્શનાર્થે આવે છે. દરમ્યાન ભગવાન ગણેશજીની વિશેષ પુજાનો અમુલ્ય અવસર એટલે ગણેશ ચતુર્થી અને ગણપતી ઉત્સવ ગણાય છે. આવતીકાલ તા.૭-૯-૨૦૨૪ શનિવારનાં રોજ ભાદરવા સુદ-૪ એટલે કે ગણેશ ચતુર્થીની જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં ભાવપુર્વક ઉજવણી કરવામાં આવશે અને આ સાથે જ ગણપતી ઉત્સવનો પણ પ્રારંભ થશે અને આ અવસર તા.૧૭-૯-૨૦૨૪ સુધી ઉજવાશે. ભગવાન ગણેશજીને આવકારવા અને ગણપતી ઉત્સવની ઉજવણી કરવા માટે જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહયો છે. જૂનાગઢ શહેરમાં ગણપતી ઉત્સવ નિમિતે વિવિધ વિસ્તાર સોસાયટી, એપાર્ટમેન્ટમાં ભગવાન ગણેશજીની સ્થાપના, પુજન, અર્ચના અને ભક્તિમય કાર્યક્રમો યોજાશે લોકો પોતાનાં ઘર આંગણે પણ ગણેશ ચતુર્થીની નિમિતે ચુરમાનાં લાડુનો પ્રસાદ ધરાવી પુજન કરાશે.

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આવતીકાલથી ગણપતી ઉત્સવની ઉજવણીનો પ્રારંભ થશે અને ગણપતી બાપા મોર્યાના ભક્તિમય ગીત ગુંજી ઉઠશે.

## જૂનાગઢમાં કોમ્યુનીટી હોલની બારીના કાચ તોડી એલ્યુમીનીયમ સેકશનની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ શહેરનાં ગેંડાઅગર રોડ પર આવેલ ડો.બાબા સાહેબ આંબેડકર કોમ્યુનિટી હોલની બારીના કાચ તોડી એલ્યુમીનીયમ સેકશનની ચોરી કરી ગયાની બે અજાણ્યા શખ્સો સામે ફરીયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે મહાનગરપાલીકામાં ફરજ બજાવતા ભરતભાઈ બાબુલાલ જોષીએ સીસીટીવી ફુટેઝમાં દેખાતા બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે જૂનાગઢ મહાનગરપાલીકા હસ્તકના ડો.બાબા સાહેબ આંબેડકર હોલની બારીના કાચ તોડી ૪૦૦૦નુ નુકશાન કરી, બારીઓના એલ્યુમીનીયમની સેકશન કિ.રૂા.૬૦૦૦ની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ચોરવાડ : મેઘલ નદીમાં અકસ્માતે ડુબી જતા યુવાનનું મોત નિપજયું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

ચોરવાડ તાલુકાના વિસણવેલ ગામ નજીક મેઘલ નદીમાં હાથ-પગ ધોવા જતા પગ લપસી જતા અકસ્માતે ડુબી જવાથી યુવાનનું મોત નિપજયાનું ચોરવાડ પોલીસ મથકે નોંધાયુ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ચોરવાડ પોલીસ મથકે રામસીભાઈ ગંગદાસભાઈ રાઠોડએ જાહેર કરેલ કે મૃતક નરેન્દ્રભાઈ ઉર્ફે નિલેષભાઈ બિલુભાઈ વાજા (ઉ.વ.૩૦) વાળાઓ મેઘલ નદીના બેઠા પુલ પાસે હાથ પગ ધોવા જતા પગ લપસી જતા નદીના પાણી ડુબી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

## જૂનાગઢ : બેકારીથી કંટાળી ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન યુવાનનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ શહેરના જીઆઈડીસી-૧માં વડાલના યુવાને બેકારીથી કંટાળી ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત થયાનું જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે કાંતીભાઈ દેવાભાઈ રાઠોડે જાહેર કરેલ કે પોતાના મૃતક પુત્ર સુનીલભાઈ(ઉ.વ.૩૦)વાળાને એક માસથી મજુરી કામ મળતુ ન હોય બેકારીથી કંટાળી ત્રણેક દિવસ અગાઉ જીઆઈડીસી-૧ વિસ્તારમાં ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## જૂનાગઢના પ્રમુખનગર વિસ્તારમાંથી મહિલા સંચાલિત જુગારધામમાંથી ૧૦ મહિલાઓ જુગાર રમતા ઝડપાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢના પ્રમુખનગર વિસ્તારમાં આવેલ એપાર્ટમેન્ટના બ્લોકમાં મહિલા સંચાલીત જુગારધામમાં ૧૦ મહીલાને જુગાર રમતા ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી સી ડીવીઝન પોલીસે કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસે પ્રમુખ નગર વિસ્તારમાં આવેલ સિલ્વર પેલેસ એપાર્ટમેન્ટમાં રહેતા રેખાબેન પંકજભાઈ સુવાના કબ્જા ભોગવટાના મકાનમાં જુગારધામ ચાલતું હોવાની બાતમીના આધારે રેડ પાડતા રેખાબેન સુવા સહિત ક્રિષ્નાબેન ભીખુભાઈ લીંબડ, વિધીબેન હાર્દિકભાઈ નિર્મળ, નાથીબેન નથુભાઈ સોલંકી, કિરણબેન પરેશભાઈ ઝાલાવાડીયા, ઈશીતાબેન સંજયભાઈ રામ, દુધીબેન ઉકાભાઈ રામા, સીમાબેન ભરતભાઈ પાઠક, દિપુબેન રવજીભાઈ રાઠોડ, ગાયત્રીબા ભરતસિંહ ચુડાસમાને ૩૯૩૦૦ રોકડ, નાલના ૧૮૦૦ રૂપિયા મળી કુલ ૪૧,૧૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ સી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા ૪, ૫ મુજબ કાર્યવાહી કરી છે.

જૂનાગઢ ઓફીસ માટે સેલ્સ ગર્લ્સ જોઈએ છે
ધો.૧૨ પાસ બેઝીક અંગ્રેજી આવડતું હોવું જોઈએ
(ઉ. ૨૨ થી ૩૨)
જૂનાગઢ : 63549 69729

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

• હરક્યુલિસ સાયકલ • કોરાડો સાયકલ
• હીરો સાયકલ • બ્રિટીશ ઈગલ સાયકલ
• બીએસએ સાયકલ • ફન રાઈડ ટ્રાસીકલ
• વિક્ટર ૯૧ સાયકલ • દાસ સાયકલ
• હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેક્સી ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું